dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue - 38 | AD - 2024, kartak Sud - 10 | Monday, Dt.11-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# કોંગ્રેસ સમાજની સામૂહિક શક્તિને તોડવા માંગે છે : વડાપ્રધાન

(એ.આર.એલ),રાંચી,તા.૧૦

ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ થઈ ગયો છે. આ શ્રેણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે ઝારખંડ પહોંચ્યા હતા. અહીં તેમનો મેગા રોડ શો અને ચૂંટણી રેલીઓ છે. સૌથી પહેલા પીએમ મોદીએ બોકારોમાં જનસભાને સંબોધી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને તોડીને નાની જાતિઓમાં વિભાજીત કરવા માંગે છે. ઝારખંડના લોકોને એક થવાનો સંદેશ આપતાં તેમણે 'જો આપણે એક થઈશું તો સુરક્ષિત છીએ'નો નારો પણ લગાવ્યો.

તેમણે કહ્યું કે ઝારખંડમાં ભાજપની તરફેણમાં ભીષણ વાવાઝોડું ફૂંકાઈ રહ્યું છે. છોટા નાગપુરનું આ પઠાર પણ કહી રહ્યું છે – રોટી-બેટી-માટી, ઝારખંડમાં બીજેપી-એનડીએ સરકાર. ભાજપ-એનડીએનો અહીં એક જ મંત્ર છે. અમે ઝારખંડ બનાવ્યું છે, અમે ઝારખંડને સુધારીશું. આવા લોકો ક્યારેય ઝારખંડનો વિકાસ નહીં કરે, જેઓ ઝારખંડ રાજ્યના નિર્માણની વિરુદ્ધ છે.

તેમણે કહ્યું કે ૧૦ વર્ષ પહેલા ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી, મેડમ સોનિયાએ સરકાર ચલાવી હતી અને મનમોહન સિંહને વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા. ત્યારે કેન્દ્ર સરકારે ઝારખંડને ૧૦ વર્ષમાં બહુ મુશ્કેલીથી ૮૦ હજાર કરોડ રૂપિયા આપ્યા હતા. ૨૦૧૪ પછી દિલ્હીમાં સરકાર બદલાઈ, તમે



તમારા સેવક મોદીને સેવા કરવાની તક આપી અને છેલ્લા ૧૦ વર્ષમાં અમે ઝારખંડને ૩ લાખ કરોડથી વધુ રૂપિયા આપ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે ભાજપ ઈચ્છે છે કે ગરીબોને કાયમી ઘર મળે, શહેરો અને ગામડાઓમાં સારા રસ્તાઓ બને, વીજળી અને પાણી, સારવારની સુવિધા, શિક્ષણની સુવિધા, સિંચાઈ માટે પાણી, વૃદ્ધાવસ્થામાં દવાઓ મળે, પરંતુ છેલ્લા ૫ વર્ષમાં તમારા અધિકારની આ સુવિધાઓ જેએમએમ અને કોંગ્રેસના લોકોએ લૂંટી હતી.

પીએમ મોદીએ કહ્યું કે તમે મુઠ્ઠીભર રેતી માટે તરસી રહ્યા છો અને તેમના નેતાઓ રેતીની દાણચોરી કરીને કરોડોની કમાણી કરી રહ્યા છે. તેમાંથી નોટોના પહાડ નીકળી રહ્યા છે. હવે તમે ભાજપ-એનડીએ સરકાર બનાવવાનું નક્કી કર્યું છે. હું તમને વચન આપું છું કે સરકાર બન્યા પછી આ ભ્રષ્ટાચારીઓને કડકમાં કડક સજા અપાવવા માટે અમે કોર્ટમાં સંપૂર્ણ લડાઈ લડીશું. તમારા હકના પૈસા તમારા પર ખર્ચવામાં આવશે, તે તમારા માટે ખર્ચવામાં આવશે, તે તમારા બાળકોના ભવિષ્ય માટે ખર્ચવામાં આવશે.

તેમણે કહ્યું કે અમે પીએમ કિસાન સન્માન નિધિના પૈસા સીધા ઝારખંડના ખેડૂતોના બેંક ખાતામાં મોકલીએ છીએ અને તેમને આખી રકમ મળી જાય છે. એ જ રીતે હાઈવે, રેલ્વે અને એરપોર્ટના ઘણા કામો છે, જેના પર કેન્દ્ર સરકાર સીધો ખર્ચ કરે છે, વચ્ચે કોઈને કાપ મુકવાનો મોકો મળતો નથી. ઝારખંડમાં પણ અમારી સરકારે લાખો કરોડો રૂપિયા ખર્ચ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે ભાજપ-એનડીએ સરકાર નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રહી છે.







# દિલ્હીમાં ધુમ્મસના કારણે ખરાબ હાલત, આંખોમાં ડંખ, શ્વાસમાં બળતરા



નવીદિલ્હી,તા.૧૦

રાજધાનીમાં લોકો ખૂબ જ ખરાબ હવા શ્વાસમાં લેવા માટે મજબૂર છે. જેના કારણે લોકોને આંખોમાં બળતરાની સાથે શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. આજે સવારે દિલ્હીના ઘણા ભાગોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦ ની નજીક નોંધાયો હતો.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, આજે સવારે ૮ વાગ્યે આનંદ વિહારમાં એક્યુઆઈ ૩૫૧, મુંડકામાં ૩૭૬, બવાના ૩૫૮, અશોક વિહારમાં ૩૫૩, એક્યુઆઈ ૩૨૮, જહાંગીરપુરીમાં ૩૭૧, રોહિણીમાં ૩૬૫, નજફગઢમાં ૩૪૦, આરકેપુરમાં ૩૫૧, પંજાબીમાં ૬૩૫, આર.કે. સોનિયા વિહારમાં ૩૬૫, દ્વારકા સેક્ટર ૮ માં ૩૩૯ નોંધાયો છે.

હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે પ્રદૂષણના ફેલાવા માટે અત્યંત પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે પરિસ્થિતિ વણસી રહી છે. ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર સંસ્થા અનુસાર, પવન દક્ષિણ-પૂર્વ દિશામાંથી ફૂંકાયો હતો. આ દરમિયાન પવનની ઝડપ ૪ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની હતી. સોમવારે પણ દક્ષિણ-પૂર્વ દિશામાંથી પવન ફૂંકાય તેવી શક્યતા છે. આ દરમિયાન ૪ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. તે જ સમયે, સોમવાર અને મંગળવારે પણ પવન દક્ષિણથી દક્ષિણ-પૂર્વ દિશામાં ફૂંકાશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે સવારે કેટલાક સ્થળોએ સ્મોગ, હળવાથી મધ્યમ ધુમ્મસ અને ઝાકળની શક્યતા છે. સાંજે અને રાત્રે ધુમ્મસની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે. આવી સ્થિતિમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૨ અને ૧૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. પાટનગરમાં સવાર-સાંજ હળવી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તરફ બપોરના સમયે ગરમી પરેશાન કરી રહી છે. શનિવારે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ત્રણ ડિગ્રી વધુ હતું. તે જ સમયે, લઘુત્તમ તાપમાન ૧૮.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધુ હતું. રિજમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૧૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.


















**ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ધાર્મિક વિધિ સાથે ઉજવાયો ઉત્સવ**

# રામપુર ગામે લાંભિયા પરિવાર દ્વારા ભવ્ય સ્થાપના મહોત્સવનું આયોજન

કુંકાવાવ,તા.૧૦

કુંકાવાવ તાલુકાના રામપુર ગામે સમસ્ત લાંભિયા પરિવાર દ્વારા શ્રી સુરાપુરા મનજીબાપા, ઉમિયાજી અને બહુચરાજી માતાજીના નવા મઢની સ્થાપનાનો મહોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો.

આ પ્રસંગે શણગારેલા બળદગાડા સાથે સામૈયું, ગૃહ શાંતિ યજ્ઞ, સત્યનારાયણ કથા, ડીજે સાથે રાસ-ગરબા અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત સરકારના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયાનું સંજયભાઈ અને ઘનશ્યામભાઈ દ્વારા



સન્માન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં મુખ્ય યજમાન તરીકે ઉદ્યોગપતિ સંજયભાઈ લાંભિયા, સરપંચ પુનાભાઈ કોટડિયા સહિત લાંભિયા પરિવારના અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમાજના યુવાનો, વડીલો અને ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. કાર્યક્રમના અંતે ઘનશ્યામભાઈ લાંભિયાએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સા.કુંડલાના વીજપડી ગામમાં મેઈન રોડ આરસીસીથી બનાવવાનું કામ શરૂ

અમરેલી, તા.૧૦

વીજપડી ગામમાં વિવિધ વિકાસ કાર્યો માટે વર્ષોથી માગણી કરવામાં આવી રહી હતી. ગામના બાયપાસ રોડ પર આરસીસી રોડ બનાવીને ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની પણ માગણી થઈ રહી હતી. આથી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગામના વિકાસ માટે ૧.૬૦ કરોડ



રૂપિયા મંજૂરી કરાવીને વીજપડી બાયપાસ તેમજ વીજપડી ગામનો મેઈન રોડ આરસીસીથી બનાવવા જહેમત ઉઠાવી હતી. આ રોડ બનાવવાનો પ્રારંભ થયો છે અને તે ટૂંક સમયમાં વીજપડીના લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે.

# બગસરામાં પાણી વાળી રહેલા ખેડૂત પર શ્વાને હુમલો કરતાં હોસ્પિટલ ખસેડાયા

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં સિંહો, દીપડા સહિતના વન્યપ્રાણીઓ ખેડૂતો અને મજૂરો ઉપર હુમલાઓ કરી રહ્યા હોવાની ઘટનાઓ વારંવાર સામે આવી રહી છે, જોકે, હવે શ્વાનનો પણ ગ્રામ્ય વિસ્તારમાં આતંક વધી રહ્યો છે. ગત મોડી સાંજે બગસરા વિસ્તારમાં એક ખેડૂત પર શ્વાને હુમલો કર્યો હતો. બગસરાના ખેડૂત ચંદુભાઈ ટપુભાઈ કથીરીયા પોતાની વાડીમાં પાણી વાળી રહ્યા હતા. તે સમયે અચાનક



શ્વાને આવીને મોઢા ઉપર બચકા ભર્યા હતા. આ ઘટનામાં ખેડૂતે શ્વાનથી બચવા માટે મથામણ કરી હતી, પણ શ્વાને છોડયો ન હતો. ખેડૂત લોહીલુહાણ થઈ ગયા હતા. જેથી તેઓને અમરેલી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. ખેડૂતની હાલત અત્યંત ગંભીર બનતા વધુ સારવાર માટે મોડી રાતે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં શ્વાન બાળકો, યુવાનો અને ખેડૂતો પર હુમલો કરી રહ્યા છે જેના કારણે સ્થાનિક લોકોમાં વધુ ફફડાટ ફેલાયો છે.

# સાવરકુંડલા મહાપ્રભુજીની બેઠકજી ખાતે શ્રી વલ્લભ અનુગ્રહ મહોત્સવની પૂર્ણાહુતિ

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલામાં નાવલી કાંઠે શ્રી મહાપ્રભુજીની બેઠકજી ખાતે આયોજિત શ્રી વલ્લભ અનુગ્રહ મહોત્સવનું આજે સમાપન થયું હતું. આ પ્રસંગે અષ્ટોત્તરશત શ્રીમદ ભાગવતજી વચનામૃતના વક્તા પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની અસ્ખલિત વાણી દ્વારા ઉપસ્થિત તમામ વૈષ્ણવોએ



કથાનું રસપાન કર્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં વૈષ્ણવોએ ભાગવત સપ્તાહનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર આયોજન તારીખ ૪-૧૧-૨૪ થી ૧૦-૧૧-૨૪ રવિવાર સુધી કરવામાં આવેલ હતું. આજે સુદામા ચરિતના પ્રસંગ સાથે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. રોજે રોજ ભાગવત સપ્તાહ પૂર્ણ થયે મોટી સંખ્યામાં વૈષ્ણવોએ મહાપ્રભુજીની બેઠકજી ખાતે મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો. આ કથા દરમિયાન અનેક રાજકીય, સામાજિક મહાનુભાવોએ પણ હાજરી આપી હતી.

# લીલીયા તાલુકાના ગામોમાં ઈ-K.Y.C અપડેટ માટે નાઈટ કેમ્પનું આયોજન

**રેશનકાર્ડ ધારકોએ પોતાના ગામના તલાટી કમ મંત્રી તથા V.C.E નો સંપર્ક કરવો**

અમરેલી, તા.૧૦

સરકાર દ્વારા ઈ-K.Y.C અપડેટનો કાર્યક્રમ ચાલુ હોય ત્યારે લીલીયા તાલુકાના તમામ ગામોમાં સોમવારથી શનિવાર તારીખ ૧૧/૧૧/૨૦૨૪ થી તારીખ ૧૭/૧૧/૨૦૨૪ એમ કુલ સાત દિવસ ખાસ ઝુંબેશના ભાગરૂપે દરેક ગામે તલાટી કમ મંત્રી તેમજ V.C.E મારફત ઈ-K.Y.Cની અપડેટની કામગીરી માટે નાઈટ કેમ્પ યોજવામાં આવશે. જેનો સમય રાત્રે ૮:૦૦ થી ૧૦ કલાકનો નક્કી કરવામાં આવેલ છે. દરેક રેશનકાર્ડ ધારકોને પોતાના ગામના તલાટી કમ મંત્રી તથા V.C.E નો સંપર્ક કરી પોતાના રેશનકાર્ડમાં જેટલા સભ્યો હોય તેમના ઈ-K.Y.C અપડેટ કરી લે તેવું લીલીયા મામલતદાર કે.બી.સાંગાણી તેમજ તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય દ્વારા આહ્‌વાન કરવામાં આવેલ છે. આ બાબતે સામાજિક આગેવાનો તેમજ સરપંચો લોકોમાં જાગૃતતા લાવી વધારેમાં વધારે કેમ્પોનો લાભ અરજદારોને લેવરાવે તેવી પણ આ તકે અપીલ કરવામાં આવેલ છે.

# રાજ્યના ખેડૂતો અને તેમનો પાક ગ્લોબલ વોર્મિંગનો ભોગ ન બને તે માટે માર્ગદર્શિકા જાહેર

અમરેલી તા.૧૦

રાજ્યના ખેડૂતો અને તેમનો પાક ગ્લોબલ વોર્મિંગ અને બદલાતા વાતાવરણનો ભોગ ન બને તે માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. દિવાળી પછી શરુ થતી રવી ઋતુમાં ખેડૂતોએ રવી પાકોના વાવેતરની શરુઆત કરી છે. ચણા, રાઈ, લસણ, જીરુ, ઘઉં, ધાણા, ડુંગળી અને મેથી પાકનો ઉચ્ચ ગુણવત્તા ધરાવતો ધરુ અગાઉથી જ મેળવી લેવો. રવી પાકના બીજને સ્ફુરણ માટે ગરમ તાપમાન અનુકૂળ ન હોવાથી દિવસના વધારે તાપમાન અથવા ગરમ તાપમાનના સમયગાળા દરમિયાન રવી પાકોનું વાવેતર ટાળવું હિતાવહ છે. ભારત સરકારની મેઘદૂત મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી રાજ્યભરના અને જિલ્લાના ખેડૂતો કૃષિ હવામાન માર્ગદર્શક સેવાઓ અને હવામાન વિભાગની ખેડૂતો માટેની આગાહી સરળતાથી જાણી શકશે.

# અમરેલી જિલ્લા સહકારી સંઘની યુવા સમિતિમાં ડાયરેક્ટર પદે જગદીશ નાકરાણીની નિમણૂક

બાબરા,તા.૧૦

બાબરા તાલુકાના જામબરવાળા ગામના યુવા સરપંચ અને જિલ્લા યુવા ભાજપના મહામંત્રી જગદીશભાઈ પ્રેમજીભાઈ નાકરાણીની અમરેલી જિલ્લા સહકારી સંઘના યુવા ડાયરેક્ટર પદે વરણી કરવામાં આવી છે. જિલ્લા સહકારી સંઘના પ્રમુખ મનીષભાઈ સંઘાણી દ્વારા બોર્ડ



ઓફ ડાયરેક્ટરની બેઠકમાં જગદીશભાઈને અમરેલી જિલ્લા સહકારી સંઘના યુવા ડાયરેક્ટર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ તકે જગદિશભાઈને દિગ્ગજ નેતા દિલીપભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા સાંસદ ભરતભાઈ સુતરીયા, રાજકોટના સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળવીયા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા સહિત જિલ્લાભરમાંથી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# અમરેલી ખાતે પોસ્ટ ઓફિસનાં બે કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાવડકા,તા.૧૦

ગાવડકા બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં બ્રાન્ચ પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતા મિતલબેન ગોંડલિયાની જેટકોમાં જુનિયર ઈજનેર તરીકે અને પોસ્ટ ઓફિસના કર્મચારી હસમુખભાઈ રાવલની પુત્રી ડિમ્પલબેન રાવલની પોસ્ટમેન તરીકે પસંદગી થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. પ્રેમવતી પ્રસાદ ભવન,



ગાંધી બાગ ખાતે યોજાયેલા આ સમારંભમાં બાબાપુર સબ પોસ્ટ ઓફિસ અને તેના હેઠળની તમામ બ્રાન્ચ પોસ્ટ ઓફિસના જીડીએસ બીપીએમ ઉપસ્થિત રહ્યા હતા. પોસ્ટ માસ્ટર હિતેશભાઈ ત્રિવેદી અને હિતેશભાઈ પાણેરીના વિશેષ સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં બંને બહેનોને શ્રીફળ અને ચાંદીનો સિક્કો અર્પણ કરી વિદાય અપાઈ હતી. મોટા ભંડારિયા, સણોસરા, વડેરા, પીઠવાજાળ અને તરવડા વગેરે બ્રાન્ચ પોસ્ટ ઓફિસના જીડીએસ બીપીએમની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બંને બહેનોએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજુલા શહેરમાં તુલસી વિવાહનું ભવ્ય આયોજન

રાજુલા,તા.૧૦

રાજુલા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આ કાર્યક્રમનું આયોજન રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ લાખણોત્રાના ઘરે કરવામાં આવ્યું છે. તુલસી માતાજીના શુભ વિવાહનું સ્થળ સેનાનાય સોસાયટી સ્વામિનારાયણ ગુરુકુળની બાજુમાં છતરીયા રોડ ખાતે નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મહંત રાજેન્દ્ર દાસ બાપુ અને અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહેશે. રામપરા અને પાટીગામથી શાલિગ્રામ ઠાકોરજીની જાન નીકળશે અને રાજુલા પહોંચશે. આ કાર્યક્રમમાં લોકસાહિત્યકાર માયાભાઈ આહીર અને રાજુલાના પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. રાત્રે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આરતીબેન જોષી, ભોળાભાઈ આહીર અને માનસી પટેલ સહિતના કલાકારો લોકગીતો રજૂ કરશે. તુલસી વિવાહના દિવસે ભવ્ય લોકડાયરો પણ યોજાશે. લોકડાયરામાં પૂનમબેન ગોંડલીયા, રાજદાન ગઢવી અને ભોળાભાઈ આહીર સહિતના કલાકારો રમઝટ બોલાવશે. તુલસી વિવાહ તારીખ ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાંજે છ કલાકે શરૂ થશે. લાખણોત્રા પરિવાર દ્વારા ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલીમાં વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની બેક ટુ બેક મુલાકાત સૂચક!

અમરેલી, તા.૧૦

ગુજરાતના રાજકારણમાં અમરેલી જિલ્લો હંમેશા એપી સેન્ટર રહ્યો છે. એક અઠવાડિયાના ટૂંકાગાળામાં જ પીએમ મોદી અને સીએમ ભૂપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. તેમાં પણ સીએમ પટેલે અઠવાડિયામાં બે વખત અમરેલીના આંટા માર્યા તેને લઈ રાજકીય વર્તુળોમાં અનેક પ્રકારની ચર્ચા થઈ રહી છે.લાઠીમાં એક કાર્યક્રમમાં આવેલા પીએમ મોદીએ અમરેલીની ભરપેટ પ્રશંસા કરતા કહ્યું હતું કે, અમરેલીની ધરતીએ અનેક રત્નો આ ધરતીને આપ્યા છે એવી આ ભૂમિ છે. ઐતિહાસિક, સાંસ્કૃતિક અને રાજકીય રીતે અમરેલીનો ગૌરવશાળી ભૂતકાળ રહ્યો છે. જેણે યોગીજી મહારાજ અને ભોજા ભગત



આપ્યા. ગુજરાતમાં સાંજ એવી ન હોય કે જ્યાં દુલાભાયા કાગને કોઈ યાદ ન કરતું હોય. અહીંના સંતાનોએ પડકારોને પડકાર્યા છે. આ ધરતીમાંથી અનેક ઉદ્યોગપતિઓ આવ્યા છે. ગુજરાત જ નહીં દેશનું નામ રોશન કરે એવા નવરત્નો આપ્યા છે. સાવરકુંડલામાં સીએમ ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં નાવલી નદી પર રિવરફ્રન્ટ બનાવવાના પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યુ હતું. સાવરકુંડલાની નાવલી નદીનો મુદ્દો અનેક વર્ષોથી ચર્ચાનો વિષય રહ્યો છે. ઉપરાંત સીએમે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી.

### અમરેલી જિલ્લો ગુજરાતના રાજકારણમાં કાયમ માટે ચર્ચાનું કેન્દ્ર

અમરેલીજિલ્લાભાજપનાકેટલાકઅસંતુષ્ટનેતાઓખુલીનેપ્રદેશ નેતૃત્વ સામે નિવેદનો આપી રહ્યા છે. તેમનો આરોપ છે કે પાર્ટીમાં પાયાના કાર્યકરોની અવગણના થઈ રહી છે અને અન્ય પાર્ટીમાંથી આવેલા નેતાઓની સરભરા થઈ રહી છે. આમ પણ અમરેલી જિલ્લો ગુજરાતના રાજકારણમાં કાયમ માટે ચર્ચાનું કેન્દ્ર રહ્યો છે, તેથી આવનારી ચૂંટણીઓમાં ભાજપમાં કોઈ ભાંજગડ ન થાય તે માટે પહેલાથી જ ડેમેજ કંટ્રોલ માટે પીએમ અને સીએમએ એક સપ્તાહના ટૂંકાગાળામાં મુલાકાત લીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ઘીના ઠામમાં ઘીની હોઈ શકે છે રણનીતિ

આ બંને ઘટનાને લઈ અમરેલીની રાજનીતિને નજીકથી જાણતાં એક વરિષ્ઠ પત્રકારે જણાવ્યું કે, અમરેલી ભાજપમાં ક્યાંકને ક્યાંક આંતરિક અસંતોષ હોઈ શકે છે. વરિષ્ઠ નેતા સોશિયલ મીડિયામાં તેમના જ પક્ષની આકરી ટીકા કરે છે. જોકે હાલ કોઈ ખુલીને બોલવા તૈયાર નથી. પીએમ અને સીએમ આ મુદ્દો આગની જેમ ભડકી ઉઠે તે પહેલાં જ ઘીના ઠામમાં ઘીની જેમ ઉકેલી દેવા માંગતા હોય તેમ બની શકે છે. અમરેલી કોંગ્રેસના નેતા પ્રતાપભાઈ દૂધાતને જ્યારે આ અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે ભાજપનો આંતરિક મામલો હોવાનું કહી મારે કંઈ બોલવું નથી તેમ કહી વાત ટાળી દીધી હતી.

## જાફરાબાદ તાલુકાનાં વારાહસ્વરૂપ ગામે તુલસી વિવાહનું ભવ્ય આયોજન

**લોક ગાયિકા કિંજલ રબારી સહિત દમયંતી ચૌહાણ, નિલેશ ત્રિવેદી, મધુ સાંખટ પોતાના મધુર સુરથી લોકડાયરા અને લગ્નગીતોની રમઝટ બોલાવશે**





જાફરાબાદ,તા.૧૦

જાફરાબાદ તાલુકાના દરિયા કિનારે આવેલ વારાહસ્વરૂપ ગામમાં વારાહસ્વરૂપ ભગવાનના મંદિરના સાનિધ્યમાં ૧૨ નવેમ્બરના રોજ દિવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું છે. રાજુલા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મીઠાભાઈ અને વારાહસ્વરૂપ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કથીવદર મુકામેથી ઠાકોરજીની જાન લઈને વારાહસ્વરૂપ મંદિરમાં વૃન્દા (તુલસી માતાજી) સાથે વિવાહ કરવામાં આવશે. મીઠાભાઈ અને ખીમભાઈ આ તુલસી વિવાહના મુખ્ય યજમાન છે. આ ભવ્ય કાર્યક્રમમાં ગુજરાતની સુપ્રસિદ્ધ લોકગાયિકા કિંજલ રબારી સહિત દમયંતી ચૌહાણ, નિલેશ ત્રિવેદી, મધુ સાંખટ પોતાના મધુર સુરથી લોકડાયરા અને લગ્નગીતોની રમઝટ બોલાવશે. રાત્રે સર્વ ધર્મપ્રેમી જનતા માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સંતો, મહંતો, રાજકીય અને સામાજિક આગેવાનો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સમસ્ત કથીવદર ગામ અને વારાહસ્વરૂપ ગામ જાન લઈ જવા અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

**રહીશોની માર્ગ અને મકાન વિભાગ તેમજ સ્થાનિક ધારાસભ્ય દ્વારા તાત્કાલિક પગલા લેવાની માંગ**

## દામનગરના દોઢ કરોડના પુલની બિસ્માર હાલત, અકસ્માતની દહેશત

**તંત્રની બેદરકારીથી વાહનચાલકો અને લોકોમાં ભારે રોષ**



દામનગર, તા.૧૦

દામનગરમાં ભુરખીયા-ઢસા રોડ ચોકડી પર છ વર્ષ પહેલાં રૂ. દોઢ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા પુલની હાલત દિવસે દિવસે કથળી રહી છે. આ પુલ પર પડેલા મોટા ખાડાઓ અને બિસ્માર સ્થિતિને કારણે મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ચોમાસા દરમિયાન પુલ પર વરસાદી પાણી ભરાઈ રહેતું હોવાથી રસ્તામાં ખાડાઓ પડી ગયા છે. આ ખાડાઓને વારંવાર થીંગડા મારવામાં આવ્યા છે, પરંતુ કાયમી ધોરણે સમારકામ કરવામાં આવ્યું નથી. વળી, પુલની બંને બાજુ સ્પીડ બ્રેકર ન હોવાથી વાહનો બેફામ ઝડપે પસાર થાય છે. વિશેષમાં, આ માર્ગ પરથી ભારે માલવાહક વાહનોની અવરજવર રહે છે, જે સલામતી માટે જોખમરૂપ છે. નિરાધાર પશુઓ પણ પુલ પર બેસી રહેતા હોવાથી અકસ્માતનું જોખમ વધી જાય છે. સ્થાનિક રહીશોએ આ સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરી છે અને માર્ગ અને મકાન વિભાગ તેમજ સ્થાનિક ધારાસભ્ય દ્વારા તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે.

## ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામે વીજતંત્રની ઘોર બેદરકારી

ખાંભા, તા.૧૦

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે વીજતંત્ર (pgvcl) ની ઘોર બેદરકારી જોવા મળે છે. ગામના મુખ્ય માર્ગ પર શાળાના બાળકો અને બીજા અનેક લોકો પસાર થાય છે ત્યાં ખુલ્લી ડીપી, ખુલ્લા ફ્યુઝ અને ખુલ્લા વાયરીંગ હોવાથી અકસ્માત થવાનું જોખમ વધી ગયું છે. પીજીવીસીએલના અધિકારીઓ આ સમસ્યાનું નિવારણ લાવે તેવી માગણી સ્થાનિક રહીશો કરી રહ્યા છે, એમ અનિરુદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.



## અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૧૩ નવેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા.૧૦

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૧૩/૧૧ના રોજ સવારે ૧૧ કલાકે આઈ.ટી.આઈ કેમ્પસ, અમરેલી ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. જે. સી. બી. લિ. હાલોલ પ્લાન્ટ માટે ટીમ મેમ્બર માટે ૧૮ થી ૨૪ વર્ષની વયમર્યાદા તેમજ ધો. ૧૦ અને આઈ.ટી.આઈની લાયકાત ધરાવનાર ખાસ મહિલા ઉમેદવાર માટે ભરતી મેળાનું આયોજન કરાયું છે. https://anubandham.gujarat.gov.in/account/signup પર નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરી પોર્ટલ જોબફેરના મેનુમાં ક્લીક કરી જરુરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996



રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY
GOVERNMENT DONE SITE

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144



HOLIDAY HOTEL



સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)



PROFESSIONAL spa Amreli
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

સ્કૂલ-હોસ્ટેલ પ્રવેશ શરૂ (બોયઝ/ગર્લ્સ)
:: સ્કૂલ કાર્યક્ષેત્ર :: બાલમંદિર થી ૧૨ આર્ટસ/કોમર્સ/સાયન્સ ગુજરાતી/મિશ્ર અને અંગ્રેજી માધ્યમ
:: હોસ્ટેલ કાર્યક્ષેત્ર :: ધોરણ-૫ થી ૧૨ ભાઈઓ/બહેનો માટે અલગ કેમ્પસ
અમારૂ શિક્ષણકાર્ય એ જ અમારી વિશેષતાઓ
- ૧૦૦ એકરના વિશાળ કેમ્પસમાં ભાઈઓ અને બહેનો માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે કેમ્પસમાં જ બોયઝ અને ગર્લ્સ માટે નિવાસની વ્યવસ્થા.
- નિવાસી અને ડે-સ્કૂલના વિદ્યાર્થીઓ માટે શુધ્ધ અને સાત્વીક વિવિધતાસભર ભોજન મેનુ.
- અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય, સાયન્સમાં પહેલેથી જ JEE-NEET. GUJCET ની તૈયારી.
- કોમર્સ વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ વાણીજય અભ્યાસ સાથે ટેલી એકાઉન્ટ કોર્ષ.
- રાત્રી કલાસ ટયુશન નિઃશુલ્ક સુવિધા રહેશે. પ્રેકટીકલ સાથે ૧૦૦% કોર્ષ પૂર્ણ કરાવાની પ્રથા.
- સાયન્સ લેબ તેમજ ડિઝીટલ સ્માર્ટ કલાસની સુવિધા સાથે ઈ-શિક્ષણ કાર્ય.
- લેટેસ્ટ ટેકનોલોજી દ્વારા રેગ્યુલર અભ્યાસ સાથે વિઝયુલાયજ અને વોકેશનલ શિક્ષણ.
- ડેઈલી અને યુનિટ વાઈઝ મંથલી ટેસ્ટ દ્વારા કાર્યશિલ મેનેજમેન્ટ ટીમ દ્વારા વિદ્યાર્થીઓનું સતત મુલ્યાંકન કરી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવાનો લક્ષ.
- મંથલી પેરેન્ટસ મિટીંગ જેમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વગેરેની પોઈન્ટ-ટુ-પોઈન્ટ ચર્ચા.
- ૧૪ જેટલી અલગ-અલગ કલબ એકટીવીટીઝ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ.
આપના બાળકના ભવિષ્ય ઘડતરનો પ્રશ્ન હોય એકવાર રૂબરૂ મુલાકાત લઈ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે તે તમામ સુવિધાઓનું જાતે જ વિગતો મેળવી પ્રવેશ લેવા સંસ્થા મેનેજમેન્ટ આવકારે છે.
ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગલીશ મિડીયમ સ્કૂલ
લાઠી રોડ, અમરેલી. ફોન નં.- ૯૦૯ ૯૦૯ ૮૨૨૦ www.vidyasabha.com
J-8

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# શિયાળબેટના દર્દીઓ માટે પીપાવાવ પોર્ટ દ્વારા બોટ એમ્બ્યુલન્સ કાર્યરત

અમરેલી,તા.૧૦

જાફરાબાદ તાલુકામાં આવેલા શિયાળબેટ ગામમાં ઈમરજન્સી દર્દીઓ અને સગર્ભા મહિલાઓને હોસ્પિટલમાં પહોંચાડવા માટે ખૂબ મુશ્કેલી સર્જાતી હતી. ઈમરજન્સી હોય ત્યારે ખુલ્લી બોટમાં દર્દીઓને જેટી સુધી લાવવામાં આવતા હતા, ત્યારે હવે પીપાવાવ પોર્ટ CSR અંતર્ગત શિયાળબેટ માટે ઈમરજન્સી ૧૦૮ બોટ આપવામાં આવી છે અને જનતા માટે નિઃશુલ્ક સેવા શરૂ કરાઈ છે. જે માટે ૨૪ કલાક મેડિકલ સ્ટાફ ટીમ તૈનાત રહેશે. પીપાવાવ પોર્ટની જેટી સુધી કોઈ પણ દર્દીને તાત્કાલિક પહોંચાડવાનું કામ આ બોટ કરશે. પીપાવાવ પોર્ટ સી.એસ.આર. અંતર્ગત ૧૦૮ ઈ.એમ.આર.આઈ. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ગ્રીન હેલ્થ સર્વિસના સહયોગથી શિયાળબેટ ગામ માટે આ બોટ આશીર્વાદરૂપ બનશે. વર્ષોથી સમુદ્ર મારફતે માછીમારોની બોટ મારફતે દર્દીઓ આવતા હતા. જેટી સુધી પહોંચાડવા ખૂબ મુશ્કેલી સર્જાતી હતી.




# યુવાઓને સહકારી ક્ષેત્ર સાથે જોડવા અમરેલી જિલ્લા સહકારી સંઘની નવી પહેલ

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં સહકારી ક્ષેત્રે યુવા શક્તિને પ્રોત્સાહન આપવાના ઉમદા આશયથી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ યુવા સમિતિની રચના કરવામાં આવી છે. સહકારી ક્ષેત્રે યુવાનોની ભાગીદારી વધે અને તેઓ આ ક્ષેત્રથી માહિતગાર બને તે હેતુથી યોજાયેલી બેઠકમાં સમિતિના પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી. નવરચિત યુવા સમિતિમાં જિજ્ઞેશભાઈ રામાણી (ડેની)ને અધ્યક્ષ અને વનરાજભાઈ વરુને ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સમિતિના ડાયરેક્ટર તરીકે બાર સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. ડાયરેક્ટર પદે નિમાયેલા સભ્યોમાં જગદીશભાઈ નાકરાણી, રાકેશભાઈ ડાવરા, રોમિતભાઈ કોટડીયા, નીરવભાઈ ગોંડલિયા, જતીનભાઈ સાવલિયા, અમરસિંહ રાઠોડ, ચિરાગભાઈ બારૈયા, રમેશભાઈ માંડવીયા, નીખીલભાઈ પટેલ, રવિભાઈ ધાનાણી, રવિભાઈ પંડ્યા અને રાજદીપભાઈ જાનીનો સમાવેશ થાય છે. સમિતિના સભ્યો જિલ્લામાં સહકારી ક્ષેત્રની પ્રવૃત્તિઓ અંગે યુવાનોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરશે અને યુવા શક્તિને સહકારી પ્રવૃત્તિઓ સાથે જોડવા માટે પ્રયત્નશીલ રહેશે.




# સાવરકુંડલામાં ઠપકો આપતાં યુવકને સારુ ન લાગતા માથામાં ઈંટનો છુટ્ટો ઘા માર્યો

**યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા શહેરમાં એક યુવકનો ભત્રીજો પાનના ગલ્લે સોડા પીવા ગયો ત્યારે તેને કેટલાક ઈસમોએ ગાળો આપી હતી. જેથી તે ઠપકો આપવા જતા તેને પણ ગાળો બોલીને મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આથી આ બનાવ અંગે કિરણભાઈ બાઘાભાઈ બલોલીયા (ઉ.વ.૨૮)એ ચીમનભાઈ નાથાભાઈ મકવાણા, અશ્વિનભાઈ ભુપતભાઈ રાઠોડ, કપિલભાઈ મગનભાઈ મકવાણા તથા મેહુલભાઈ ચીમનભાઈ મકવાણા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ કાર્યવાહી કરી રહ્યા છે.

# લાઠી-બાબરા વિધાનસભા વિસ્તારના સ્નેહમિલનમાં હાજર રહેવા આમંત્રણ પાઠવતાં ધારાસભ્ય જનક તળાવીયા

**આજે સવારે ૯:૩૦ કલાકે લાઠી માર્કેટીંગ યાર્ડ ખાતે સ્નેહમિલન યોજાશે**

અમરેલી, તા.૧૦

લાઠી-બાબરા-દામનગર વિધાનસભા પરિવારનું સ્નેહમિલન આજે લાઠી માર્કેટીંગ યાર્ડ ખાતે સવારે ૯:૩૦ કલાકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં માર્ગદર્શન નીચે યોજાનાર છે.

આ કાર્યક્રમમાં સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, હિરાભાઈ સોલંકી, જે.વી.કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, ભુપેન્દ્રભાઈ બસીયા, પીઠાભાઈ નકુમ અને મેહુલભાઈ ધોરાજીયા સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના હોદ્દેદારો, પૂર્વ ધારાસભ્યો સહિત વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, સંગઠનના તમામ આગેવાનોને ઉપસ્થિત રહેવા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આમંત્રણ પાઠવ્યું છે.



# અમરેલી જિલ્લામાં અકસ્માતની વણથંભી વણઝાર: ૩ ઘટનામાં ૩ લોકોના મોત

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં અકસ્માતની વણથંભી વણઝાર ચાલુ જ છે. દાતરડી ગામથી વિસળીયા ગામ જતાં પુલ ઉપર બોલેરોની ટક્કરથી એકનું મોત થયું હતું. બનાવ અંગે ભાવનગરમાં રહેતા વારસભાઈ કિશોરભાઈ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૨૧)એ બોલેરો નંબર જીજે-૧૪-ઝેડ-૫૦૧૫ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટાભાઈ મરણજનાર અક્ષયભાઈ, તન્વીબેન રાઠોડ, હર્ષભાઈ બારૈયા તથા પુજાબેન મકવાણા સ્વિફ્ટ લઈને સોમનાથથી ભાવનગર જતા હતા. તે દરમિયાન રાત્રીના આશરે સાડા બારેક વાગ્યાના સમયે દાતરડી અને વિસળીયા ગામની વચ્ચે આવેલ પુલ ઉપર આરોપીએ પોતાના હવાલાનું બોલેરો વાહન પુરઝડપે અને બેફિકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફોરવ્હીલ સાથે ભટકાવ્યું હતું.

જેમાં તેમના ભાઈ અક્ષયભાઈને શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું તેમજ અન્યોને નાની મોટી ઈજાઓ થઈ હતી.

ઝાલોદ તાલુકાના ગામડી ગામના અને હાલ વડીયાના બરવાળા (બાવીશી) ગામે રહેતા દુર્ગાબેન અનિલભાઈ ડામોર (ઉ.વ.૩૫)એ ટ્રેક્ટર ચાલક અશ્વિનભાઈ મનુભાઈ બાવીશી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ૮ વર્ષીય પુત્રને ટક્કર મારતાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતું.

વડીયાના અમરાપુર ખાતે રહેતા પંકજભાઈ મુળજીભાઈ રાજપરા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર વિશાલ (ઉ.વ.૨૮) બાઈક લઈને જતો હતો ત્યારે મોટર સાયકલ સ્લીપ થતાં ઈજા થવાથી મોત થયું હતું.

# સાવરકુંડલામાં 'તમે શું અમારા છોકરાની પાછળ પડ્યા છો' કહી વાળ ખેંચી યુવકને ફટકાર્યો

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં એક યુવકને 'તમે શું કામ અમારા છોકરાની પાછળ પડ્યા છો, શું અમારા છોકરાને ચોર સમજો છો?' કહી ગાળો આપી ફટકારવામાં આવ્યો હતો. જેને લઈ મેહુલભાઈ ચીમનભાઈ મકવાણા (ઉ.વ.૨૯) એ કિરણભાઈ બાઘાભાઈ બલોલીયા, મનસુખભાઈ, નયનાબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા તેના પપ્પા ઘરે હાજર હતા તે વખતે તેમના પપ્પાએ કહ્યું, બહાર આપણી ગાડી પાસે કોઈ અજાણ્યો છોકરો ડોકા કાઢી જતો રહ્યો હતો. થોડી વાર બાદ તેઓ તથા સાહેદ કપિલભાઈ મગનભાઈ મકવાણા પાનના ગલ્લે ગયા હતા તે વખતે તેમની ગાડી પાસે અજાણ્યો છોકરો ઉભો હતો અને તેની સાથે આરોપીઓ ઉભા હતા. આરોપીએ તેમને કહ્યું કે 'તમે શું અમારા છોકરાની પાછળ પડ્યા છો, તમો શું અમારા છોકરાને ચોર સમજો છો?' જેથી તેમણે કહ્યું કે અમે તો ખાલી છોકરાને પૂછવા ગયા હતા તેમ કહેતા આરોપીઓને સારૂ નહીં લાગતા જાહેરમાં ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારી વાળ ખેંચ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ જીવરાજભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારીયામાં ધોરણ ૧૧માં પ્રવેશ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ

મોટા ભંડારીયા, તા.૧૦

મોટા ભંડારીયા ખાતે આવેલ જવાહર નવોદય વિદ્યાલયમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ ૧૧માં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આચાર્ય વિજયકુમાર ભોંસલેના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓ ૯ નવેમ્બર, ૨૦૨૪ સુધી www. navodaya.gov.in પર ઓનલાઈન ફોર્મ ભરી શકશે. લેટરલ એન્ટ્રી માટેની પ્રવેશ પરીક્ષા ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા દરમિયાન યોજાશે. પ્રવેશ માટે ધોરણ ૧૦માં (૨૦૨૪-૨૫) કોઈપણ માન્ય બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. અરજદાર વિદ્યાર્થીની જન્મ તારીખ ૧ જૂન ૨૦૦૮થી ૩૧ જુલાઈ ૨૦૧૦ વચ્ચેની હોવી જરૂરી છે. અરજી કરનાર વિદ્યાર્થી અને તેના વાલી અમરેલી જિલ્લાના રહેવાસી હોવા જોઈએ અને વિદ્યાર્થી અમરેલી જિલ્લામાં અભ્યાસ કરતો હોવો જોઈએ. ઓનલાઈન અરજી કરતી વખતે વિદ્યાર્થીનો ફોટો, વિદ્યાર્થી અને વાલીની સહીના નમૂના ૧૦-૧૦૦ એમબી સુધીના હોવા જરૂરી છે. આ સીબીએસઈ બોર્ડ સાથે સંલગ્ન સંપૂર્ણ આવાસીય વિદ્યાલય છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: દશમ
તા. ૧૧-૧૧-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૪૦, સૂર્યાસ્ત-૦૫:૨૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

**તા.૧૧-૧૧-૨૦૨૪ સોમવાર**

મેષ: આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે. વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે. રોકાણ કરવામાં અચકાશો નહીં

મિથુન: તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો.

કર્ક: આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે.

સિંહ: આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કન્યા: તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો.

તુલા: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે. સાંજે બાળકની બાજુથી સારા સમાચાર મળી શકે છે.

વૃશ્ચિક: આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે. પૈસામાં વધારો થશે.

ધન: કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, દિવસના ઉત્તરાર્ધમાં અચાનક મહેમાનોનું આગમન, ખર્ચનો ભાર વધારશે.

મકર: આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો.

કુંભ: આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો. કોઈપણ સ્પર્ધામાં હરીફ વિદ્યાર્થીઓ જીતી શકે છે.

મીન: આજે તમે મૂંઝવણની સ્થિતિમાં રહેશો. અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફાની તકો નીકળી શકે છે.

# ખાંભાના અનીડા ગામે ખેતરમાં નડતરરૂપ વાયર ખોલવા મુદ્દે સગા ભાઈઓ ઝઘડ્યા

ખાંભા, તા.૧૦

ખાંભાના અનીડા ગામે ખેતરમાં નડતરરૂપ થતાં વાયરને ખોલવા મુદ્દે સગા ભાઈઓમાં બબાલ થઈ હતી.

બનાવ અંગે રસીકભાઈ કરશનભાઈ દાફડા (ઉ.વ.૫૦)એ શ્રીકાંતભાઈ કરશનભાઈ દાફડા અને તેમના પત્ની રજંનબેન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ખેતરમાંથી આરોપીનો ઈલેક્ટ્રિક વાયર પસાર થતો હતો. જે વાયર તેમને વાવેતર કરતી વખતે નડતો હોવાથી ખોલીને એક સાઈડ મુક્યો હતો. જેથી તેમને કેમ વાયર ખોલીને મૂક્યો છે તેમ કહી ગાળો બોલી મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાંથી ભાર રીક્ષાની ચોરી

બગસરા, તા.૧૦

બગસરામાં નટવરનગરમાં બાબા સાહેબના સ્ટેચ્યુ પાસે પાર્ક કરેલી ભાર રીક્ષાની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મહેન્દ્રભાઈ પિતાંબરભાઈ બોરીચા (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ અજાણ્યો ચોર ઈસમ નટવરનગર બાબા સાહેબના સ્ટેચ્યુ પાસે ખુલ્લામાં મુકેલી તેમની ભાર રીક્ષાની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. જેની પોલીસ ચોપડે કિંમત રૂ. ૪૦ હજાર જાહેર થઈ હતી.









તંત્રી લેખ

# વાયુ પ્રદૂષણનું પ્રમાણ હવે અનિયંત્રિત બન્યું

દિવસે દિવસે વાયુ પ્રદૂષણનો પ્રશ્ન વધુ ને વધુ ગંભીર બનતો જાય છે. અને તેને કારણે લોકોના આરોગ્ય ઉપર માઠી અસર થાય છે. આપણા દેશમાં વાયુ પ્રદૂષણનો પ્રશ્ન વધતા જતા વાહનોની સંખ્યાને કારણે ઉભો થયો છે. ભારતના દિલ્હી, મુંબઈ, કલકત્તાથી માંડી હૈદરાબાદ અને હૈદરાબાદથી માંડી અમદાવાદ સુધીના મહાનગરોમાં વાયુ પ્રદૂષણનો પ્રશ્ન દિવાળી બાદ ભયંકર રીતે વધી જાય છે જેને કારણે લોકોના આરોગ્ય પર ગંભીર અસર પહોંચે છે. ખાસ કરીને શ્વસન તંત્રને લગતા રોગોથી લોકોની મુશ્કેલીમાં વધારો થાય છે ખાસ કરીને વયોવૃદ્ધ સિનિયર સિટીઝન અને માસુમ બાળકો આનાથી વધુ પ્રભાવિત થાય છે. વિશ્વ હવામાન સંગઠનના તાજા અહેવાલ મુજબ છેલ્લા બે દાયકાના સમયગાળા દરમ્યાન ગ્રીન હાઉસ ગેસના પ્રમાણમાં ૧૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. ૨૦૨૩માં પ્રદૂષણનું વૈશ્વિક પ્રમાણ ટોચે પહોંચી ચૂક્યું છે. ભારતને લાગે વળગે છે, ત્યાં સુધી હાલ દિલ્હી અને તેને સંલગ્ન ઉત્તર ભારતના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણ બેહદ વધી જાય છે. માત્ર દિલ્હી જ નહીં પરંતુ અન્ય મહાનગરોમાં પણ વાયુ પ્રદૂષણ ભયાનક થતુ જાય છે આવી રીતે આપણી નદીઓ પણ વધુને વધુ પ્રદૂષિત થઈ જાય છે. ગત સપ્તાહે છઠ્ઠ પૂજાના પ્રસંગે દિલ્હીમાં તથા મથુરામાં યમુના નદીમાં એટલી હદ સુધી પ્રદૂષણ હતું કે પવિત્ર સ્નાન કેવી રીતે કરવું તે લોકોને મન મોટી મૂંઝવણ હતી. આ રીતે ગંગામાં પણ પ્રદૂષણ વધતું જાય છે અહીં મુખ્ય પ્રશ્ન વાયુ પ્રદૂષણનો છે જે સૌથી વધુ ગંભીર બાબત છે. દેશ આખામાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવામાં ભારે સાવચેતી સાથે ત્વરીત પગલાં નહીં લેવાય, તો દિવાળી અને પરાળીની મોસમ બાદ પણ આખા વર્ષ દરમ્યાન હવામાં ઝેરનું પ્રમાણ જોખમી સ્તરે રહેશે. દિલ્હી અને એનસીઆરના પ્રદૂષણનો જોખમી મુદ્દો લાંબા સમયથી દરેક મોસમમાં ચર્ચામાં રહે છે. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (એનજીટી) સંબંધિત રાજ્ય સરકારો અને પ્રદૂષણ નિયંત્રિત કરવાની જવાબદારી સંભાળતી એજન્સીઓની સામે કડક વલણ લેતી રહી છે. સર્વોચ્ચ અદાલત પણ આ મામલે સતત ચેતવણી આપે છે. દિવાળીના સમયમાં ફટાકડાને કારણે ભયાનક રીતે વાયુ પ્રદૂષણ વધી જાય છે. દિલ્હી સહિતના મહાનગરોમાં ફટાકડાના પ્રદૂષણને નિયંત્રણમાં લેવાના નિયમો જાહેર થાય છે. ગુજરાતમાં પણ ૧૨:૦૦ વાગ્યા સુધી ફટાકડા ફોડવા તેવો આદેશ જાહેર કરવામાં આવ્યો પરંતુ આ નિયમનો કડક અમલ કોઈ દિવસ હજુ સુધી થયો નથી તે કડવી હકીકત છે. કાયદા છે પણ અમલ જ ન થાય તો હાલત બદતર બનતી રહેવાની. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (એનજીટી) સંબંધિત રાજ્ય સરકારો અને પ્રદૂષણ નિયંત્રિત કરવાની જવાબદારી સંભાળતી એજન્સીઓની સામે કડક વલણ લેતી રહી છે. સર્વોચ્ચ અદાલત પણ આ મામલે સતત ચેતવણી આપે છે. દિલ્હીમાં દિવાળીના એક મહિના અગાઉ તમામ તંત્રો સફાળાં જાગે છે અને પ્રદૂષણની ચેતવણી આપવાનું શરૂ કરી દે છે, પરંતુ કમનસીબી એ રહે છે કે, દિવાળીનું પર્વ અને પરાળીને આગ ચાંપવાનો સમય પૂરો થઈ ગયા બાદ પ્રદૂષણ ઓછું થઈ જાય એટલે તમામ લોકો આ જોખમને વિસરી જતા હોય છે. રાજધાની દિલ્હી અને ઉત્તર ભારતના વિસ્તારોમાં શિયાળાનાં આગમનના સંકેતો વચ્ચે હવામાં પ્રદૂષણનું પ્રમાણ જોખમી સ્તરને આંબી ચૂક્યું છે. દિલ્હી અને એનસીઆરમાં હવાનું પ્રદૂષણ ભયાનક હદે પહોંચી ચૂક્યો છે. વહેલી સવારે અને રાત્રે હવામાં ભયાનક રીતે ધુમ્મસ છવાયેલું હોવાથી હાઈવે પર અનેક પ્રકારના અકસ્માતો થઈ રહ્યા છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**અંકગણિતના અગત્યના અંગ એટલે**

ગુણોત્તર(Ratio), પ્રમાણ(Proportion)

ત્રિરાશી-એક રીત : ‘‘કોઈ પ્રમાણમાં ત્રણ પદો આપેલાં હોય અને ચોથું પદ શોધી કાઢવાનું હોય ત્યારે ચોથું પદ શોધી કાઢવાની રીતને ત્રિરાશિ-(Rules of Three) કહે છે.’’

નોંધ : ‘‘સમપ્રમાણ’’ એ સમત્રિરાશિ છે, ‘‘વ્યસ્ત પ્રમાણ’’ એ વ્યસ્ત ત્રિરાશિ છે.

ઉદા. એક ઘરમાં 6 માણસોને 10 દિવસ ચાલે તેટલું જ અનાજ છે. હવે, જો તે ઘરમાં

(૧) 3 માણસો જ રહે તો અનાજ કેટલા દિવસ ચાલે ?

(૨) 12 માણસો થાય, તો અનાજ કેટલા દિવસ ચાલે ?

જવાબ : (૧) માણસની સંખ્યા ઘટે છે, એટલે અનાજ વધુ દિવસ ચાલશે.

તેથી વ્યસ્ત પ્રમાણ થાય.

તેથી 3:6 :: 10 : જવાબ

તેથી જવાબ $= \frac{6x10}{3} = 20$ દિવસ (જવાબ-૧)

(૨) માણસની સંખ્યા વધે છે, એટલે અનાજ ઓછા દિવસ ચાલશે.

તેથી વ્યસ્ત પ્રમાણ થાય

તેથી 12:6 :: 10 : જવાબ.

તેથી જવાબ $= \frac{6x10}{12} = 5$ દિવસ (જવાબ-૨)

ઉદા. જો 5 માણસો એક કામ 24 દિવસમાં કરે, તો તેજ કામ 15 દિવસમાં કરવા માટે કેટલા માણસો જોઈએ ?

દિવસની સંખ્યા ઘટે છે, તેથી માણસની સંખ્યા વધુ જોઈએ.

તેથી વ્યસ્ત પ્રમાણ છે.

વ્યસ્ત : 24 દિવસ : 15 દિવસ :: 5 : જવાબ.

એટલે કે 15:24 :: 5 : જવાબ

તેથી જવાબ $= \frac{24x5}{15} = 8$ માણસ જવાબ

પંચરાશિ(Double Rule of Three) :

કેટલીક વખત દાખલામાં બે જાતનાં પદો આપેલા હોય છે અને દરેકજાતનાં એક એક પદનો સંબંધ જવાબની જાતનાં આપેલાં પદ સાથે હોય છે અને દરેક જાતનાં બાકી રહેલા બીજા પદનો સંબંધ જવાબવાળા પદ સાથે હોય છે, આ ઉપરથી જવાબ શોધી કાઢવાની રીતને ‘‘પંચરાશિ’’ કહે છે.

એક દૃષ્ટાંત સાથે ‘‘પંચરાશિ’’ સમજીએ.

ઉ.દા.૧ 4 માણસોને 6 દિવસમાં 12 કિલોગ્રામ અનાજ જોઈએ છે. તો 8 માણસોને 5 દિવસમાં કેટલું અનાજ જોઈએ ?

જવાબ : માણસો અને દિવસો બે જાતના પદો આપેલા છે, અને દરેકજાતના એક-એક પદનો સંબંધ અનાજ સાથે છે.

વળી, માણસની સંખ્યા વધે/ઘટે, તેમ અનાજનો જથ્થો પણ વધુ/ઓછો જરૂર પડે.

તેમજ, જેમ દિવસની સંખ્યા વધે/ઘટે, તેમ અનાજનો જથ્થો પણ વધારે/ઓછો, જોઈએ.

તેથી અહીં સંબંધ ‘‘સમપ્રમાણ’’ છે.

અને, બે ત્રિરાશી થાય છે.

એક ત્રિરાશિ → 4 મા : 8 મા :: 12 કિલો : જવાબ.

તેથી જવાબ $= \frac{8x12}{4} = 24$ કિલો....(૧)

હવે, બીજી ત્રિરાશિ→ 6 દિ : 5 દિ :: 24 કિલો : જવાબ.

તેથી જવાબ $= \frac{5x24}{6} = 20$ કિલો...(૨)

તેથી 8 માણસોને 5 દિવસમાં 20 કિલોગ્રામ અનાજ જોઈએ. જવાબ.

ઉપરનો જવાબ નીચે મુજબ પણ શોધી શકાય( પંચરાશિ ) : (સંયુક્ત રીતિ)

4 મા : 8 મા
6 દિ : 5 દિ :: 12 કિલોગ્રામ : જવાબ

તેથી જવાબ $= \frac{8x5x12}{4x6} =20$ કિલોગ્રામ જવાબ.

ઉદા.૨ જો 5 માણસો દરરોજ 8 કલાક પ્રમાણે કામ કરે ત્યારે એક કામ 15 દિવસમાં પુરું થાય છે. તો 10 માણસો દરરોજ 6 કલાક પ્રમાણે કામ કરે તો તે કામ કેટલા દિવસમાં પુરું થશે ?

આ દાખલામાં માણસો અને કલાકો બે જાતના પદો છે. દરેક પદને દિવસ સાથે સંબંધ છે.

વળી માણસો વધે છે, પણ કલાક ઘટે છે.

તેથી સંબંધ ‘‘વ્યસ્ત પ્રમાણ’’ ગણાય. વ્યસ્ત પ્રમાણ

મા મા ... મા
10 : 5 ... 5
ક ક :: 15 દિવસ : જવાબ. ક પ્રથમને બદલે બીજા સ્થાને લેવાય
6 : 8 ... 6

તેથી જવાબ $= \frac{5x8x15}{10x6} = 10$ દિવસ જવાબ.

**મિડલ અને સ્પેશ્યલ સ્કૂલ સ્કોલરશિપની પરીક્ષામાં પૂછાયેલા દાખલા**

(૧) દરરોજ 11 કલાક પ્રમાણે કામ કરે તો A એક કામ 5 દિવસમાં અને B 6 દિવસમાં કરી શકે છે. હવે તે બંને દરરોજ 10 કલાક કામ કરે તો જોડે મળીને તે કામ પુરૂં કરતા તેમને કેટલા દિવસ લાગશે ?

જવાબ : A, 1 કામ પુરૂં કરવા માટે દરરોજ 11 કલાક લેખે 5 દિવસ લે છે.

તેથી દરરોજ 1 કલાક, 1 દિવસ લેખે તે $\frac{1}{11x5}$ ભાગનું કામ કરે.

તેજ રીતે B, દરરોજ 1 કલાક, 1 દિવસ લેખે $\frac{1}{11x6}$ ભાગનું કામ કરે.

તેથી બંને સાથે મળી દરરોજ 1 કલાક, 1 દિવસ લેખે $(\frac{1}{11x6} + \frac{1}{11x5})$ ભાગનું કામ કરે.

તેથી બંને સાથે મળી દરરોજ 10 કલાક, 1 દિવસ લેખે $10x(\frac{1}{66} + \frac{1}{55})$ ભાગનું કામ કરે.

તેથી $10x(\frac{1}{66} + \frac{1}{55}) = 10x\frac{1}{11} \times (\frac{1}{6}+\frac{1}{5}) = 10 \times \frac{1}{11} \times \frac{11}{30} = \frac{1}{3}$ ભાગનું કામ કરે.

તેથી આખું કામ કરવા 3 દિવસ લે. જવાબ

(૨) એક નિશાળમાં 168 છોકરા છે. તેઓને 520 પેન્સીલો સરખે ભાગે વહેંચી દીધા પછી જેટલી પેન્સીલો વધી, તે તમામ દરેક વર્ગના મોનીટરને સરખે ભાગે આપવામાં આવી, તો નિશાળમાં કેટલા વર્ગો હશે ?

જવાબ : $\frac{520}{168} = 3 + \frac{16}{168}$ છે.

તેથી દરેક છોકરાને ૩ પેન્સિલ આપવામાં આવતાં, 16 પેન્સીલ વધી, દરેક વર્ગનાં મોનીટરને સરખે ભાગે આ 16 પેન્સીલ આપવામાં આવી. 16ના બે સરખા ભાગ 8 થાય.

તેથી નિશાળમાં 8 વર્ગો હશે. જવાબ.

(૩) $\frac{1}{2} - \frac{1}{3}$ સંખ્યા, $\frac{1}{2} + \frac{1}{3}$ સંખ્યામાં કેટલી વખત સમાયેલી છે ?

જવાબ : $\frac{1}{2} - \frac{1}{3} = \frac{3-2}{6} = \frac{1}{6}$ અને $\frac{1}{2} + \frac{1}{3} = \frac{3+2}{6} = \frac{5}{6}$

તેથી $\frac{5}{6} = 5 \times \frac{1}{6}$ હોવાથી, ૫ વખત સમાયેલી ગણાય. જવાબ.

**કારકિર્દી માર્ગદર્શન**
- અમરેલી ગણિત વર્તુળ
પ્રિ.એચ.એલ. પટેલ
મો. ૯૪૨૮૭ ૯૭૭૦૩

# જીવન એટલે સુખ – દુઃખ , આશા- નિરાશા અને અરમાનો - ફરમનોની કસોટી અને કહાની !

આ સમયગાળો એટલે વિક્રમ સવંતના ૨૦૮૧ ના વર્ષની શરૂઆત છે. એટલે વીતેલા વર્ષની વ્યથાઓ ભૂલીને નવા વર્ષની કથાઓમાં સૌ વ્યસ્ત છે. ત્યારે માણસના જીવનમાં આવતા સુખ-દુઃખ માટે જવાબદાર કારણોમાં આશા અને નિરાશાનું ગણિત કામ કરતું હોય છે. વળી સુખમાં બીજા સાથેનું પોતાનું વર્તન અને દુઃખમાં બીજાનું આપણી સાથેનું વર્તન આપણા મનમાં કાયમ યાદ રહેતું હોય છે. સુખ અને દુઃખ જીવનમાં તડકી છાંયડી જેવા હોય છે. કોઈ વસ્તુ કે પરિસ્થિતિ કાયમ સ્થિર હોતી નથી. ફેરફાર થયા જ કરે છે. સુખમાં છલકવું નહિ ને દુઃખમાં ડગવું નહિ એ જ સાચી જીવનની રીત છે. ઘણીવાર સમય ખરાબ ચાલતો હોય ત્યારે દરેક પાસા અવળા જ પડે છે. ગમે એટલું ધ્યાન રાખો, ગમે એટલું બળ કરો પણ ધાર્યું પરિણામ મળે જ નહિ, આવા સમયે હિંમત અને ધીરજ રાખવી જોઈએ. જ્યારે કઠણાઈ બેઠી હોય ત્યારે બધી બાજુથી માણસ ઘેરાઈ જતો હોય છે.




ઘણીવાર આવા કપરા સમયે માણસ મનમાં ને મનમાં મુંજાઈને ગલત કદમ ઉઠાવવા તૈયાર થઈ જાય છે. પણ એટલું યાદ રાખવું કે હદથી વધારે દુઃખ પડે તો એમ માનવું કે માણસ તરીકે આપણું પાણી મપાય છે. જીવનની બાજીમાં બધા પાસા અવળા પડે ત્યારે જિંદગીને આપી દેવામાં નહિ પણ રમી લેવામાં મજા છે. થાય તો વધુ શું થાય? જે થવાનું હતું તે થઈ ગયા પછી ટકી રહેવામાં જ શાણપણ છે. અને ગમે એવી પરિસ્થિતિમાં ઝીંક જીલીને જાત સાથે જીતીને જગતની પરવા કર્યા વિના મનથી મજબૂત બનીને મહેનત ચાલુ રાખીને સારા સમયની આશા અને અરમાન સાથે નિરાશા ખંખેરીને જેટલા ઝડપથી પૂર્વવત જીવન જીવતા થઈ શકીએ એટલી શક્તિ કુદરત આપે એ જ આપણું સદભાગ્ય ગણાય છે. બાકી તો શું લઈને આવ્યા હતા અને સાથે શું લઈને જવાના એ સૌ જાણે જ છે. બાકી તો ગમે એટલી હાય-હોય કરીને વલખાં મારીએ તો પણ ઉપરવાળાની કૃપા વિના આપણાથી એક પાંદડું પણ ના તોડી શકાય એ સનાતન સત્ય છે. ઈશ્વરે માણસ તરીકે આ જગતમાં મોકલ્યા છે ત્યારે માણસાઈને હર હાલતમાં આપણામાં ધબકતી રાખીએ એ જ આપણી પવિત્ર ફરજ છે. કરજમાં કરગરવાના બદલે જેટલું થાય એટલું કરીને ફરજમાં બાંધછોડ ના કરીએ તો ઈશ્વર ગમે ત્યારે ગમે તે સ્વરૂપે હાથ જાલી લે છે એ વાત નક્કી જ છે. જીવનમાં દરેક વ્યક્તિના પોતાના અરમાનો હોય છે, એ પુરા કરવા માટે માણસ નીત-નવા સાહસ કરતો હોય છે. ઘણીવાર સાહસમાં સફળતા મળે છે અને ઘણીવાર નિષ્ફળતા મળે છે. આ સફળતા સુખનું કારણ બને છે અને નિષ્ફળતા દુઃખનું કારણ બને છે. વળી વ્યક્તિના અરમાનો સિવાય એના પર સંબંધથી જોડાયેલ જુદા જુદા વ્યક્તિના ફરમાનો હોય છે. જેમ કે પતિ પત્ની, મિત્ર, સગા સ્નેહી, ગુરુ કે શિષ્ય ઉપરાંત માલિક કે બોસ આ બધા પૈકી કોઈને કોઈ સ્વરૂપે સંસારી વ્યક્તિ પર કૈંક ને કૈંક કામ કરવાના ફરમાનો કરતા હોય છે. આમ પોતાના અરમાનો અને બીજના ફરમાનો પુરા કરવામાં જીવનનો ઘણો હિસ્સો ખર્ચાતો હોય છે. આમ માણસના સમગ્ર જીવનમાં પોતાના ખુદના માટે તો ખાસ સમય ફાળવી શકતો નથી. છતાં રોજ ઊઠીને રોજગારી સિવાય અન્ય માટે કૈંક ને કૈંક જગ્યાએ વ્યક્તિએ સમય ફાળવવો પડતો હોય છે. હાલના સમયમાં સંસારી હોય કે સંન્યાસી, દરેક સામાજિક રીતે ક્યાંક ને ક્યાંક જોડાયેલ હોય છે. આ બધી વ્યવસ્થાઓ વ્યક્તિ માટે જેટલી ફાયદાકરક છે એટલી જ નુકસાનકારક પણ છે. કારણ કે બધે સમય ફાળવી ના શકાય, બધાને પૂરતો ન્યાય આપી ના શકાય. આમ છતાં સવારથી સાંજ સુધી માણસે પોતાના માટે અને બીજના માટે સતત કર્મ કરવા પડે છે. એ દરમ્યાન જાણતા અજાણતા નાની મોટી ભૂલો થઈ જાય, કોઈના મન દુભાય, કોઈની આખે થવાનું થાય, કોઈના સ્વાર્થનો ભોગ બનવાનું થાય. આમ વ્યક્તિ જેટલો વધુ સક્રિય એટલો વધુ દુઃખી થાય છે. આ બધા સંબંધો પૈકી કેટલાક સંબંધો માત્ર કામ પૂરતા અને સ્વાર્થના હોય છે. એ સંબંધોની કસોટી વ્યક્તિના ખરાબ સમયે થાય છે. ખરાબ સમય તો જતો રહે છે પણ એ સમયે આપણી સાથે કરેલા વ્યક્તિના સારા કે ખરાબ વ્યવહાર કાયમ યાદ રહી જાય છે. આમ જીવન એ બીજું કાંઈ નહિ પણ સુખ-દુઃખ, આશા-નિરાશા અને અરમાનો-ફરમાનોની કહાની છે. આ બધા સરવાળા બાદબાકીના સમીકરણોમાં નવા વર્ષમાં નિરાશાને જાકારો આપીને આશા અમર છે એમ માનીને નવા સંકલ્પો સાથે માનવતાની મહેક સાથે જ્યાં અટક્યા ત્યાંથી નવી સફરની શરૂઆત કરીએ એ જ નવા વર્ષની શુભેચ્છા !



મનન ચિંતન
ભરત બાવીશી




નવા વર્ષે સંજોગ ન્યૂઝનાં માધ્યમથી ‘ઝાકળનું એક બિંદુ’ કોલમના સર્વે વાંચકોને નવા વર્ષનાં રામ...રામ... જગતનો આધાર ખેતી અને ખેડૂત છે. પન્નાલાલ પટેલ લિખિત માનવીની ભવાઈ અને દુષ્કાળને યાદ કરવો રહ્યો. માનવ પટ્ટ ઉપર અન્ન અને પાણી વિના માણસો ટળવળતા-ટળવળતા કેવા મોતને ભેટતા હતા એ બિહામણા દ્રશ્યો આજે પણ તેની કલ્પના જગતના લોકો કરી શકે કારણ કે જળ એ કુદરતનો અમુલ્ય ભંડાર છે. એ ફેકટરીમાં નથી બનવાનું જળને રીચાર્જ કરી જમીનના તળ ઉંચા લાવી શકાય. જયારે અન્ન વિના પેટની ભુખ કેમ ઠારવી એ ચિંતા જીવ માત્રને છે. માટે અન્ન અને જળની ઉપેક્ષા માનવજાતને પોસાય તેમ નથી.

ગોકુળીયા ગામોને શહેરોની હવાએ અસર નહોતી કરી ત્યારે ગામડા હર્યા-ભર્યા હતા, ગામના ખેતરો અને સીમ સાદ કરતી ખુલ્લા ખેતરોની ચારેય બાજુએ ખેડયા વિનાની પડી રહેતી પટ્ટી- જયાં હલન-ચલન થાય ઘાસ ઉગી નીકળે અને પશુઓ માટે ઘાસચારો અને ચરણ પણ થાય એ શેઢો.

આજે ખેતરોના માયાળુ માનવીઓ જતા રહ્યાં અને નાના મનના કાળા માથાના માનવીઓએ મારું અસ્તિત્વ જોખમમાં મૂકી દીધું છે. આજે ખેતરનું રખોપુ કરતો શેઢો પોતાના મનના વલોપાત કરતા કહે છે, ‘મારું અસ્તિત્વ, મારી ઓળખ અલાયદી હતી’.

ફલાણા ભાઈના શેઢે ફલાણા ભાઈનું ખેતર છે. સાહેબ હું ખેતરનું સરનામુ હતો. શેઢો ખેતરને ચારેય બાજુએથી વહાલ કરીને વિટળાયેલો હતો. હું આડોશ-પાડોશની મર્યાદા હતો. ખેડૂતોના ખેતરો ચોરસ, લંબચોરસ કે વાંકાચૂકા હોય પણ શેઢા તરીકે મારા અસ્તિત્વની સૌ કોઈ નોંધ લેતા અને મર્યાદાઓનું પાલન પણ કરતા હતા. ગામમાં કોઈને ઘર-ખોરડા હોય કે ના હોય મકાન વિનાના ઘર બંગલા હોઈ શકે પણ શેઢો કહે મારા વિનાના ખેતરો તો ના જ હોઈ શકે. શેઢો એ સત્વની સરવાણી છે અને સાચવણી છે. ખાડા-ટેકરા, કોણી વાંકે વળાંકને ચિરતો વડિલોને શરમાવે તેવો ડાહ્યો-ડમરો જાણે મલકાતો હોય. એક ઢળતી સાંજે ખેતરે શેઢાને પુછયું, ‘હેં શેઢાભાઈ તમે તમારાપણુ મૂકીને બધા ખેતરો વચ્ચેથી નીકળી જાવ તો કેવું સારું કહેવાય.’ ત્યારે હસતા-હસતા શેઢાભાઈ બોલ્યા, ‘અરે ખેતર તને આ માણસોની કયાં સમજણ જ છે. તારો માલિક આ બાજુથી મને મારા પડઘામાં હળ મારે છે. અને આ બાજુના ખેતરનાં માલિક પેલી બાજુથી પડઘામાં હળ મારે છે. મને તો ચિરી નાખ્યો છે. છતાં પણ હું સરહદ થઈને પડયો છું. બાકી હું નીકળી જાઉંને તો કેટલાય ખેડૂતોના માથા વધેરાય એ તને ખ્યાલ નહી હોય.’ શેઢો ખેતરને કહે, ‘સાંભળ જયારે ટ્રેકટર અને જે.સી.બી. ન હતા ત્યારે મારા ઉપર અનેક ફળાવ વૃક્ષો હતા. જેમાં લીંમડા, આવળ, આંમલી, શેતુર, ગુંદા, ગુંદી જેવા અનેક વૃક્ષો અને ફળ-ફૂલો આપતા વૃક્ષો અને વનસ્પતિઓ હતી. ખેડૂના બાળકો ખેતરે આવે કે પેલા ઈન કરેલા શેઠીયાઓ ખેતરે આવે તો બધા કહેતા શેઢે બોરડી છે બોર સારા છે મજા આવશે અને બધા ખાતા હતાં. પશુઓ મારા ઉપર ઉગી નીકળતા વૃક્ષોની છાંયાએ બેસીને બપોરનો આનંદ માણતા હતા. પંખીઓના ઘર આ વૃક્ષો ઉપર હતા. હું કોઈ નાખી દીધેલ સરહદ ન હતો. હું ઈતિહાસ ધરબીને બેઠેલો ખેતરનો વારસદાર હતો.

પરંતુ અફસોસ આજે મારા ઉપર ચાહનારી ભથવારી પણ ના રહી, ચરીયાણ ચરતા માલ-ઢોર પણ ના રહ્યા અને શેઢાના ભાઈબંધ સમા વૃક્ષોનો સત્યનાશ નીકળી ગયો. હા કાળક્રમે મને ફેરવવા બળુકા ભાઈઓ ધારીયા-કુહાડી લઈને ઝગડી પડતા જોયા છે. પણ ખુમારી સાથે કહુ છું, ફલાણા ભાઈના શેઢે બેસીને ચા પીધી, પાણી પીધું અને બપોરા કર્યાના દાખલાઓ સામે છે.’

મુરજાતા ખેતરો વચ્ચે ઝોલા ખાતા શેઢાઓ કહે છે, ‘ભલે ખેતર નાના થયા. અમારા ઉપર ઉગેલા વૃક્ષોનો નાશ કર્યો, ચોમાસામાં સોળેય કળાએ અમારા ઉપર છવાતી લીલોતરીને બાળી નાખી, તેતર અને ચકલાનો કલબલાટ શાંત કરી દીધો, વાયર ફેન્સીંગ કરીને શેઢે ચાલવાના રીવાજને ખતમ કરી દીધો. આ બધું જ સહન કરીશ કારણ કે હું ખેતરની ઓળખ, ખેતરનું સરનામું શેઢો છું.’



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

**-:: તિખારો ::-**

**સમસ્યા ઉભી થાય ત્યારે ન્યાય નહિ, સમાધાન થવું જોઈએ. ન્યાયમાં એકના ઘેર અજવાળુ અને એકના ઘેર અંધારૂં થાય છે. જયારે સમાધાનમાં બન્નેના ઘેર અજવાળા થાય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

**ખાતરઃ** મધ્યમ કાળી ચુનાયુક્ત જમીન માટે ૬૫ કિલો યુરીયા પાક ૩૫ થી ૪૦ દિવસનો થાય ત્યારે આપવું.

### ખેત પાકોમાં ઉધઈનું નિયંત્રણ :

૧. ઉપદ્રવ વધુ રહેતો હોય તેવા ખેતરોમાં લીલા પડવાસના પાકો લેવા નહી તેમજ કાચુ દેશી ખાતર વાપરવુ નહી. કાપણી બાદ પાકના જડીયાનો તુરંત સંપૂર્ણ પણે નિકાલ કરવો.

૨. ઉપદ્રવીત ખેતરમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભુકી હેક્ટર દિઠ ૨૫ થી ૩૦ કિ.ગ્રા. પ્રમાણમાં પાક વાવતા પહેલા જમીનમાં ભેળવી દેવી.

૩. દવા આપવાની કાર્યવાહી થઈ શકી ન હોય અને ઉધઈનો ઉપદ્રવ જોવા મળે તો પાકમાં ખાતર તરીકે દિવેલી, લીંબોળી કે કણજીનાં ખોળનો ઉપયોગ કરવો.

૪. ઘઉંના બીજને વાવતા પહેલા ૧ કિ.ગ્રા. બીજ દિઠ ૪.૫ મિ.લિ. ક્લોરપારીફોસ દવાનો પટ આપીને વાવેતર કરવુ.

૫. શેરડીનાં વાવેતર માટેનાં ટુકડાઓને મેલાથીયોન ૧% અથવા ક્લોરપાયરીફોસ ૦.૧% ના દ્રાવણમાં ૧૦ મિનિટ બોળી રાખ્યા બાદ વાવેતરમાં ઉપયોગમાં લેવા.

૬. મગફળીના બીજને ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૧૨.૫ મિ.લિ. પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ મુજબ માવજત આપી વાવેતર કરવુ.

૭. ઉભા પાકમાં શક્ય હોય ત્યાં સુધી પિયત આપવાનુ મોડું કરવુ નહી અને છતા પણ ઉધઈનો ઉપદ્રવ વધુ જણાય તો પિયતના પાણી સાથે ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૨.૫ લિટર પ્રતિ હેક્ટર પ્રમાણે આપવું.

ફળ-ઝાડના રોપા/ કલમ વાવતા પહેલા જમીનમાં બનાવેલા ખાડાઓમાં ક્લોરપાયરીફોસ ૦.૧% નુ દ્રાવણ ખાડા દિઠ ૧ લિટર પ્રમાણે ભેળવવું. આવુ મિશ્રણ કલમના સાંધા પર પણ રેડવું. વધારે ઉપદ્રવ વાળી જમીનમાં ખાડા પુરતી વખતે ખાતર માટીના મિશ્રણ સાથે ખાડાના માપ પ્રમાણે ૧૦૦ થી ૨૫૦ ગ્રામ કવીનાલફોસ ૧.૫ % ભુકી ભેળવવી. વેલાવાળા પાક માટે માંડવા બનાવવાના લાકડાનાં થાંભલાનો જમીનમાં રોપવાનો ભાગ ઉપરોક્ત દવાના મિશ્રણમાં બોળીને ઉપયોગ કરવો.

આંબા, ચીકુ, નીલગીરી વગેરેના ઝાડમાં ઉધઈનો ઉપદ્રવ જોવા મળે તો રોપાની ફરતે લોખંડના સળીયા વડે ૮ થી ૧૦ ઈચ ઊંડા ૫ થી ૬ કાણા જમીનમાં પાડી તેમાં ક્લોરપાયરીફોસ ૦.૧ % નું પ્રવાહી મિશ્રણ રેડવાથી ઉધઈનો ઉપદ્રવ રોકી શકાય છે.



### હાલ વધુ વરસાદ પછી કપાસમાં સુકારો આવવાની શક્યતા :

વરસાદ પછી જો કપાસનો છોડ નમી ગયેલ હોય તો તેને ઉભો કરી પગથી દબાવી દેવો જોઈએ, ત્યાર બાદ યુરીયા અથવા એમોનીયા સાથે ૧૫૦ ગ્રામ સાફ, ૧૫૦ ગ્રામ બ્લુ કોપર મિક્સ કરીને કપાસના થડે - થડે આપવું જોઈએ, ત્યાર બાદ કૂવા અથવા બોરનું પાલર પાણી કાઢવું, પાવું જોઈએ. હાલ વધુ વરસાદ પછી ખેતરોમાં રહેલા ઉભા પાક કપાસમાં ગુલાબી ઈયળના નિયંત્રણ માટે પ્રાથમિક અખતરાઓ તેમજ ભલામણ જણાવી છે. જેમાં ખેતરમાં શેઢાપાળે રાખેલ સાંઠીઓનો બાળીને નાશ કરવો, કપાસમાં શરૂઆતની અવસ્થાએ જૈવિક દવા સાવજ બ્યુવેરીયા ૬૦ ગ્રામ દસ લિટર પાણીમાં સ્ટીકર સાથે ભેળવી છોડ પુરેપુરો પલળી જાય તે રીતે છંટકાવ કરવો.

**રાયડો :** ચુસીયા પ્રકારની જીવાતો માટે ઇમીડાક્લોપ્રીડ ૧૭ઈટ એસેલ ૪ મિ.લિ., એસીડામીપ્રીડ – ૨૦ એસપીલ ૨ એમએલલ એસીફેટ ૭૫ એસએલ ૨૦ મિ.લિ. માંથી કોઈ એક દવા ૧૦ લિટર પાણીમાં નાખીને છંટકાવ કરવો.

### વેલાવાળા શાકભાજી : મોલો - કથીરી નિયંત્રણ માટે

**મોલો :** ઉપદ્રવની શરૂઆતના સમયે લીમડાની લીંબોળીની મીંજના ૫૦૦ ગ્રામ ભૂકાનો અર્ક(૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ.( ૧ ઈસી )થી ૪૦ મિ.લિ.(૦.૧૫ ઈસી) અથવા લેકાનીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ઉપદ્રવ વધતો જણાય તો ફોસ્ફામિડોન ૪૦ એસએલ ૧૦ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા થાયામેથોકઝામ ૨૫ વેગ્રે ૩ ગ્રામ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવાથી તેની વસ્તીને કાબુમાં લઈ શકાય છે.

**કથીરી :** લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ.(૧ ઈસી) થી ૪૦ મિ.લિ.(૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. વધુ ઉપદ્રવ જણાય તો ફેનાઝાકિવન ૧૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા વેટેબલ સલ્ફર ૫૦ ટકા ૨૫ ગ્રામ અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**મરચી :** સ્યુડોમોનાસ ફ્લુરોસનસ (બેક્ટેરીયા), ૬ ગ્રામ/કિલો બીજને માવજત આપવાથી ધરૂવાડીયામાં કોહવારાનું પ્રમાણ ઘટે છે. અમુક પાકમાં પોચા સડાનું પ્રમાણ પણ ઘટાડે છે. તેમજ પાકનો ઉગાવો વધુ મળે છે.

**ટમેટા :** ભૂકી છારાના નિયંત્રણ માટે પાકમાં રોગની શરૂઆત થાય એટલે દ્રાવ્ય ગંધક ૮૦ વાળો ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

ડુંગળી રવી ઋતુ માટે ડુંગળીની લાલ જાત જીજેંઆરઓ-૧૧.

**ખોળનો વપરાશઃ** દિવેલા, મગફળી, તલ, કપાસિયા, કરંજનો ખોળ, લીંબોળી તેમજ નાળિયેર વિગેરેના ખોળનો જમીનમાં પોષક તત્વો ઉમેરવા માટે સેન્દ્રીય ખાતર તરીકે વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી શકાય. ખોળમાં પોષક તત્વોનું પ્રમાણ સામાન્ય સેન્દ્રીય ખાતરો કરતાં પાંચથી દસ ગણું વધારે હોવાથી ખાતર તરીકે ખેત ઉત્પાદન વધારવા અસરકારક રીતે વાપરી શકાય છે.





### મસાલા પાકોમાં બિયારણની પસંદગી :

- જનીનિક તેમજ ભૌતિક શુધ્ધતાવાળું, સારી સ્ફૂરણશક્તિ ધરાવતું અને શુધ્ધ બિયારણ એ વધુ અને નફાકારક ઉત્પાદનની ચાવી છે.
- દા.ત. જીરૂના બિયારણમાં જીરાળાનું બી હોય છે જેના છોડ જીરૂ જેવા જ થતા હોવાથી દુર કરવા મુશ્કેલ બને છે. જેથી જીરૂના ઉત્પાદનમાં આ બિયારણ ભળવાથી તેની ગુણવત્તા નબળી રહેવાથી ઓછો બજાર ભાવમળે છે.
- તેથી મસાલાના પાકોના બિયારણો કૃષિ યુનિવર્સીટી અને માન્ય સરકારી સંસ્થાઓ પાસેથી જ ખરીદ કરવાનો આગ્રહ રાખવો.
- આવા બિયારણો ૨-૩ વર્ષ બાદ ફેરબદલી કરી નવું બિયારણ વાપરવું.
- વરિયાળી અને મરચી જેવા પાકોમાં સારા શુધ્ધ છોડની પસંદગી ફૂલ બેસવાની શરૂઆત પહેલા ઝીણા મખમલના કાપડની થેલીઓ ચઢાવીને બિયારણની જનીનિક શુધ્ધતા જાળવવી જોઈએ.
- મસાલાના પાકોના બિયારણના દર દાણાના કદ અને વજન પ્રમાણે જુદા જુદા હોવાથી સંશોધનના આધારે યુનિવર્સીટીએ ભલામણ કરેલ બિયારણના દર મુજબ જ વાવણી કરવાથી ઉત્પાદન ખર્ચ વધતો નથી અને ઉત્પાદન પણ મહત્તમ મળી રહે છે.
- સુધારેલ નવીન જાતોનું સારું, જનીનિક શુધ્ધતા ધરાવતુ બીજ, પિયત વ્યવસ્થા, નિંદણ વ્યવસ્થા અને પાક સંરક્ષણ એ પાક ઉત્પાદન વધારવા માટેના મહત્વના પરિબળો છે.
- વધુ ઉત્પાદન આપતી બીજની સારી ગુણવત્તા ધરાવતી અને રોગ-જીવાત, પાણીની ખેંચ તથા ક્ષારો સામે પ્રતિકારક શકિત ધરાવતી જાતની પસંદગી એ વધુ નફાકારક ખેતીનું એક બિનખર્ચાળ પરિબળ છે.
- આથી જ જો ખેડૂતમિત્રો મસાલાના પાકોમાં માત્ર સુધારેલ નવીન જાતોનું વાવેતર કરો તો પણ પોતાની ખેતીમાં ૧૫ થી ૨૦ ટકા વધુ નફો મેળવી પોતાના આર્થિક વિકાસમાં હરણફાળ ભરી શકો.
- ગુજરાતમાં ચોમાસુ ખેતી વરસાદ આધારિત છે. જયારે શિયાળુ ઋતુમાં ખેડૂતોએ પોતાની નિપુણતા બતાવીને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરીને ખેતપેદાશ મેળવવાની હોય છે.



# ચણાની વૈજ્ઞાનિક ખેતી

ડો. આર. એસ. પરમાર અને ડો. બી. વી. હુમર
કોલેજ ઓફ એગ્રીકલ્ચર જૂનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સીટી, મોટાભંડારીયા-૩૬૫૬૧૦

ભારતમાં જે કાંઈ કઠોળ પાકો વાવવામાં આવે છે તેમાં ચણાનું સ્થાન પ્રથમ છે, કારણ કે તેનો વિસ્તાર બીજા બધા જ કઠોળ પાકોના વિસ્તાર કરતા વધારે છે. ભારતમાં ચણા ૯૦ લાખ હેક્ટર વિસ્તારમાં વવાય છે. જે વિસ્તાર કુલ કઠોળ પાકોના વિસ્તાર (૨૫૪.૩ લાખ હેક્ટર)નાં આશરે ૩૫.૩૯ ટકા થવા જાય છે. વર્ષ ૨૦૦૯-૧૦ સુધી કઠોળ પાકો અને ચણાના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વર્ષોવર્ષ ખાસ કોઈ નોંધપાત્ર વધારો થતો ન હતો. પરંતુ વર્ષ ૨૦૧૦-૧૧ માં રેકર્ડ બ્રેક કઠોળ પાકોનું ઉત્પાદન ૧૮૨.૪ લાખ ટન થયુ અને ઉત્પાદક્તા પણ ૬૮૯ કિલો પ્રતિ હેક્ટરે થઈ. તેવી જ રીતે ચણાનું ઉત્પાદન અને ઉત્પાદક્તા અનુક્રમે ૮૨.૫ લાખ ટન અને ૮૯૬ કિલો/ હેક્ટર નોંધાયેલ. ગુજરાત રાજયમાં પણ ૨.૦ લાખ હેક્ટરના વિસ્તારમાંથી કુલ ૨ લાખ ટન જેટલા ચણા પ્રતિ હેક્ટરે ૧૧૩૬ કિલોની ઉત્પાક્તા સાથે પાકેલ. આમ, દેશ અને ગુજરાત ચણાના ઉત્પાદન ક્ષેત્રે હરણફાળ ભરી રહેલ છે. હજુ પણ ખેડૂતો આધુનિક જાતો વાવી તેની ભલામણ થયેલ ખેતી પધ્ધતિ અપનાવે તો ચોક્કસ દેશ અને રાજયની ચણાની ઉત્પાદક્તા વધારી ઉત્પાદનમાં સિંહફાળો આપી શકે તેમા કોઈ બેમત નથી. ચણાની સિઝન શરૂ થવામાં છે ત્યારે અપનાવવા જેવી કેટલીક વૈજ્ઞાનિક ટેક્નીક તમારી સમક્ષ રજૂ કરીએ છીએ.

### » ચણાની જાતોઃ

ભારતમાં ચણાના મુખ્ય બે પ્રકારો છે. કાબુલી અને દેશી. કાબુલી જાતો સફેદ રંગના મોટા દાણાવાળી હોય છે. જેને લાંબા શિયાળા અને તીવ્ર ઠંડીની જરૂર પડતી હોવાથી ગુજરાતમાં તેનું વધારે ઉત્પાદન મળતું નથી. ઉત્તર ભારતના ચણા પકવતા રાજયોમાં તે વધુ અનુકૂળ આવે છે. આપણા રાજયમાં ટૂંકો અને હળવો શિયાળો હોવાથી દેશી ચણાની જાતો અનુકૂળ રહે છે. કૃષિ યુનિવર્સિટી તરફથી દેશી ચણાની ગુજરાત માટે ત્રણ જાતો બહાર પાડવામાં આવી છે. જેની માહિતી નીચે મુજબ છે.

**(૧) આઈ.સી.સી.સી.-૪ :** રાજ્યના ભાલ અને ઘેડ વિસ્તાર સિવાય સમગ્ર રાજયમાં આ જાતનું પિયત વિસ્તારમાં વાવેતર કરવામાં આવે છે. ૧૧૫ થી ૧૨૦ દિવસે પાકતી આ જાત હેક્ટરે ૧૮૦૦ થી ૨૦૦૦ કિલોગ્રામ ઉત્પાદન આપે છે. આ જાતના દાણા બદામી પીળા રંગના છે.

**(૨) દાહોદ પીળા-** આ જાતનું રાજ્યમાં પિયત વિસ્તારમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. ૧૧૦ થી ૧૧૫ દિવસે પાક્તી આ જાતનું પિયત વિસ્તારમાં હેક્ટરે ૧૭૦૦ થી ૧૯૦૦ કિલોગ્રામ ઉત્પાદન મળે છે. આ જાતના દાણાનો રંગ પીળો છે.

**(૩) ચણા ચાફા :** આ જાત રાજ્યમાં બિન પિયત ચણાનું વાવેતર કરતાં વિસ્તાર માટે ભલામણ કરવામાં આવેલ છે. ૧૦૦ થી ૧૧૦ દિવસે પાક્તી આ જાત હેક્ટરે ૯૦૦ થી ૧૦૦૦ કિલોગ્રામ ઉત્પાદન આપે છે. આ જાતના દાણા લાલાશ પડતા પીળા રંગના છે.



**(૪)ગુજરાત ચણા-૧ :** આ જાત પિયત તેમજ બિનપિયત એમ બન્ને વિસ્તારો માટે ૧૯૯૭માં વાવેતર માટે બહાર પાડવામાં આવેલ છે. જુની પિયત જાતો દાહોદ પીળા અને આઇ.સી.સી.સી.-૪ કરતાં ગુજરાત ચણા-૧નું ઉત્પાદન વધુ મળતું હોવાથી આ જાત ગુજરાત રાજ્યમાં ખૂબ જ લોકપ્રિય થયેલ છે. તેથી જે ખેડૂતોએ ચણાનો બીજ ઉત્પાદન કાર્યક્રમ પિયત વિસ્તારમાં લેવાનો હોય તેણે આ જાતની જ પસંદગી કરવી જોઇએ. આ જાતનું પિયત વિસ્તારમાં ૨૩૦૦ થી ૨૫૦૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટર ઉત્પાદન મળે છે. જ્યારે બિન પિયત વિસ્તારમાં હેક્ટરે ૧૨૦૦ થી ૧૩૦૦ કિલોગ્રામ ઉત્પાદન મળે છે. ૧૦૮ થી ૧૧૦ દિવસે પાક્તી આ જાતના દાણાનો રંગ બદામી છે.

**(૫) ગુજરાત ચણા-૨ :** રાજ્યનાં ઘેડ અને ભાલ જેવા બિનપિયત વિસ્તારો માટે આ જાત ૧૯૯૮માં બહાર પાડવામાં આવેલ છે. ૯૦ થી ૯૫ દિવસોમાં પાક્તી આ જાતનો દાણો ચાફા જેવા દેશી ચણા કરતાં અઢીથી ત્રણ ગણો મોટો હોવાથી તેનો બજાર ભાવ ઉંચો મળે છે. આ જાતનું બિન પિયતમાં ઉત્પાદન હેક્ટરે ૧૩૦૦ થી ૧૫૦૦ કિલોગ્રામ જેટલું આવે છે. આ જાત સુકારાના રોગ સામે પ્રતિકારક શકિત ધરાવે છે. આ જાતના દાણા લાલાશ પડતા બદામી રંગના છે. આ જાત ભાલ વિસ્તારમાં ખૂબ જ લોકપ્રિય થયેલ છે. ભાલ અને ઘેડ ઉપરાંત ગોધરા, દાહોદ, ભરૂચ, નવસારી, ખેડા અને વડોદરામાં આ જાતનું વાવેતર થવા લાગ્યું છે. આ જાતના દાણા મોટા હોવાથી બજારમાં કાચા જીંજરા તરીકે મોટી માંગ ઉભી થયેલ છે માટે રાજ્યાનાં ખેડૂતોએ આ જાતનો બીજ ઉત્પાદન કાર્યક્રમ લઇ, વધુ આવક મેળવી શકે છે.

**(૬) ગુજરાત ચણા-૩** - આ જાત ભાલ પ્રદેશનાં વલ્લભીપુર વિસ્તાર માટે બિનપિયત પરિસ્થિતિમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. આ જાત ૯૮ થી ૧૦૦ દિવસમાં પાકી જાય છે. આ જાતે ગુજરાત ચણા-૧ કરતાં ૯.૫૦ ટકા અને ગુજરાત ચણા-૨ કરતાં ૧૩ ટકા જેટલું વધુ ઉત્પાદન આપેલ છે. આ જાતનું ઉત્પાદન ૧૫૦૦ થી ૧૬૦૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટરે આપે છે. આ જાતનાં દાણા મધ્યમ કદનાં આકર્ષક પીળા રંગના છે. જેથી ઉપભોક્તા તેને વધુ પસંદ કરે છે અને બજાર ભાવ પણ વધુ મળે છે. તેથી ભાલ પ્રદેશનાં વલ્લભીપુર વિસ્તારનાં ખેડૂતોએ ગુજરાત ચણા-૩નો બીજ ઉત્પાદન કાર્યક્રમ લેવો હિતાવહ છે.

**(૭) ગુજરાત ચણા-૫:** આ જાત રાજ્યના પિયત વિસ્તાર માટે વર્ષ ૨૦૧૬માં બહાર પાડવામાં આવેલ છે. આ જાત ૧૦૦-૧૦૩ દિવસમાં પાકી જાય છે. આ જાતે (૨૫૧૦ કિલો/હે.) નિયંત્રણ જાતો જેવી કે દાહોદ પીળા (૧૯૬૭ કિલો/હે.) અને ગુજરાત ચણા-૧ (૨૨૩૬ કિલો/હે.) કરતાં અનુક્રમે ૨૭.૬૧ અને ૧૨.૨૫ ટકા વધુ દાણાનું ઉત્પાદન આપેલ છે. આ જાતના દાણા મધ્યમ કદના અને તપખીરીયા રંગના છે. આ જાત સુકારા તથા સ્ટન્ટના રોગ સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે.

**(૮) ગુજરાત જૂનાગઢ ચણા-૬:** આ જાત ગુજરાતના બિનપિયત વિસ્તાર માટે વર્ષ ૨૦૧૫માં બહાર પાડવામાં આવેલ છે. આ જાત ૧૧૦ થી ૧૧૨ દિવસમાં પાકી જાય છે. આ જાતે (૧૮૬૭ કિલો/ હે.) નિયંત્રણ હેઠળની જાતો જેવી કે ગુજરાત ચણા-૧ (૧૬૪૩ કિલો/હે.), ગુજરાત ચણા-૨ (૧૫૦૦ કિલો/હે.) અને ગુજરાત જૂનાગઢ ચણા-૩ (૧૭૭૫ કિલો/હે.) કરતાં અનુક્રમે ૧૩.૬, ૨૧.૯ અને ૫.૨ % વધુ દાણાનું ઉત્પાદન આપેલ છે. આ જાતના દાણા મધ્યમ કદના અને ઘાટા કથ્થાઈ રંગના છે. આ જાત સુકારા તથા સ્ટન્ટના રોગ સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે.

**(૯) જેજી-૧૬ (સાકી-૯૫૧૬):** આ દેશી પ્રકારની ચણાની જાતનું રાજયમાં પિયત વિસ્તારમાં વાવેતર કરવામાં આવે છે. ૯૯ થી ૧૦૨ દિવસે પાક્તી આ જાત હેક્ટરે ૨૨૦૦ થી ૨૩૦૦ કિલોગ્રામ ઉત્પાદન આપે છે. આ જાતના દાણા બદામી રંગના અને ૧૦૦ દાણાનું સરેરાશ વજન ૧૮ ગ્રામ જેટલું થાય છે.

**(૧૦) કાક-૨.** આ કાબુલી પ્રકારની ચણાની જાતનું રાજયમાં પિયત વિસ્તારમાં વાવેતર કરવામાં આવે છે. ૯૭ થી ૧૦૦ દિવસે પાક્તી આ જાત હેક્ટરે ૨૦૦૦ થી ૨૧૦૦ કિલોગ્રામ ઉત્પાદન આપે છે. આ જાતના દાણા સફેદ રંગના અને મોટા હોવાથી ૧૦૦ દાણાનું વજન ૩૪ થી ૩૬ ગ્રામ જેટલું થાય છે. ચણાનું વધુ ઉત્પાદન લેવા માટે કૃષિ યુનિવર્સિટી તરફથી ભલામણ કરવામાં આવેલ જાતો વાવવી અને સુધારેલી ખેતી પધ્ધતિ પણ અપનાવવી જોઈએ તો હવે આપણે ચણાની ખેતી પધ્ધતિ વિષે વાત કરીએ.

# ચણાની ખેતી



» ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી વર્તમાન સમયની પ્રમુખ માગ

» ચણાની ખેતી માટે તેનો વાવેતર સમય, અંતર અને ચણાની વિવિધ જાતમાંથી પસંદગી મહત્વની

» ગુજરાત ચણા-૧ અને ૨, જૂનાગઢ ચણા ૩ અને જેજી ૧૬ જાતનું વાવેતર તા.૧૫ નવેમ્બર સુધીમાં કરવું જોઈએ.

» મોટા દાણાવાળી ગુજરાત ચણા-૨ જાતને ૪૫ સે.મી.ના અંતરે ૮૦ થી ૧૦૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટરે બીજનો દર રાખી વાવેતર કરવું.

» ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીમાં ચણાની ખેતી માટે જીવામૃતનો પાક ઉપર છંટકાવ કરવો, રોગ-જીવાત નિયંત્રણ જરુરી.

કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઇકો સિસ્ટમની રચના કરી છે. આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ. પ્રાકૃતિક કૃષિમાં કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક કૃષિ એ ગૌ આધારિત કૃષિ છે. ખેડૂતો પણ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી રહ્યા છે.

શિયાળાની ઋતુ શરુ થવામાં છે. ચોમાસુ પાકનો સમય હવે લગભગ પૂર્ણ થયો ગણી શકાય. ખેડૂતો પોતાની ખેતી લાયક જમીનમાં એક પાકનું ઉત્પાદન લઈને ફરીથી બીજા પાક માટે જમીનને તૈયાર કરે છે. અનેક ખેડૂતો શિયાળુ પાક તરીકે ચણાની ખેતી કરે છે.

આલેખનઃ
ધર્મેશ વાળા

ખેડૂતો માટે ચણાની ખેતી માટે તેનો વાવેતર સમય, અંતર અને ચણાની વિવિધ જાતમાંથી પસંદગી મહત્વની બની રહે છે. ખેડૂતોએ શિયાળુ ઋતુ માટે ગુજરાત ચણા-૧ અને ૨, જૂનાગઢ ચણા ૩ અને જેજી ૧૬ જાતનું વાવેતર તા.૧૫ નવેમ્બર સુધીમાં કરવું જોઈએ. મોટા દાણાવાળી ગુજરાત ચણા-૨ જાતને ૪૫ સે.મી.ના અંતરે ૮૦ થી ૧૦૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટરે બીજનો દર રાખી વાવેતર કરવું.

### ચણાનો પાક, બીજ સંસ્કરણ અને ઘન જીવામૃત

સારા ઉગાવા, રોગ-જીવાત સામે રક્ષણ મેળવવા અને સારુ ઉત્પાદન મેળવવા ચણાના બીજને બીજામૃતથી સંસ્કારિત કરવા જરુરી છે. બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. બીજામૃતની માવજતથી ઉગાવો ઝડપથી અને સારો થાય છે ઉપરાંત પાકને જમીનજન્ય રોગોથી બચાવી શકાય. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખો. પાક અવશેષોનું મલ્ચીંગ કરવું, ત્યારબાદ મહિનામાં એકવાર જમીન ઉપર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર છાંટો અથવા જીવામૃત પાક ઉપર છાંટો.

રાસાયણિક ખેતીમાંથી પ્રાકૃતિક ખેતીમાં આવીએ ત્યારે પ્રથમ વર્ષમાં જમીનને જીવંત બનાવવાનો પ્રયત્ન કરવો જરુરી છે. પાક લીધા પહેલા લીલા ખાતરના રુપમાં શણ કે ઈક્કડ કે કઠોળનો પાક લેવો. યોગ્ય સમય પર જીવામૃત પાકને આપતાં રહો તે જરુરી છે.

### જીવામૃતનો જમીનમાં ઉપયોગ

વાવેતર બાદ એક એકર જમીનમાં ૨૦૦ લિટર જીવામૃત પાણી સાથે આપવું. ત્યારબાદ મહિનામાં બે વાર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર પ્રમાણે જમીનમાં આપવું અથવા પિયતના પાણી સાથે આપવું. જીવામૃતનો પાક ઉપર છંટકાવ સમયાંતરે કરવો જરુરી છે. પ્રથમ છંટકાવ-વાવેતરના એક મહિના પછી ૫ લિટર જીવામૃતને ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, બીજો છંટકાવ- પહેલા છંટકાવના ૨૧ દિવસ પછી ૭.૫ લિટર જીવામૃતને ૧૨૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો, ચોથો છંટકાવ- ત્રીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૦૩ લિટર ખાટી છાશમાં ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો. ઉપરાંત રોગ જીવાત નિયંત્રણ માટે ચોક્કસ માત્રા મુજબ નિમાસ્ત્ર, લીમડાનું તેલ, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો.

રાજ્યને આગામી વર્ષોમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુક્ત બનાવવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયાસો શરુ છે. પ્રગતિશીલ ખેતી કરતાં ખેડૂતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે.

# ધરમપુર વાસદા હાઈવે પર બાઈક સ્લીપ થતાં અકસ્માત સર્જાયો, ૨ લોકોના મોત

(એ.આર.એલ),વલસાડ,તા.૧૦

વલસાડ જિલ્લાના ધરમપુર વાસદા હાઈવે પર અકસ્માતની મોટી દુર્ઘટના બની છે. જેમાં બે લોકોના મોત થયા છે. બિસ્માર નેશનલ હાઈવે ૫૬ પર તંત્રના ભોગે વધુ ૨ વ્યક્તિઓના મોત થયા છે. બિસ્માર હાઈવેના કારણે બાઈક સ્લીપ થતાં આ મોટી દુર્ઘટના બની છે. બિસ્માર રસ્તાના કારણે બાઈક સ્લીપ થઈ ગયું હતું અને પાછળથી આવતી ટ્રક નીચે આવી જતા બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત થયું અને બાઈક પર સવાર અન્ય ૧ વ્યક્તિને ગંભીર ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પણ સારવાર દરમિયાન તે વ્યક્તિનું પણ મોત થયું છે. આ અકસ્માતની મોટી ઘટનાને લઈને હાલમાં સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.



# સુરતના કાપોદ્રા વિસ્તારમાંથી ગુમ થયેલ યુવતીની લાશ તાપી નદીમાંથી મળતા ચકચાર

સુરત, તા.૧૦

સુરતના કાપોદ્રા વિસ્તારમાંથી ગત ૮ નવેમ્બરે ૨૦ વર્ષીય યુવતી રહસ્યમય રીતે પોતાના ઘરની બહાર જતી રહી હતી. ત્યારબાદ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતા પરિવાર દ્વારા તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. જે બાદ બીજા દિવસે યુવતીનો મૃતદેહ તાપી નદીમાંથી મળી આવ્યો હતો. પરિવારને શંકા છે કે, યુવાન દીકરી સાથે દુષ્કર્મમાં આચરવામાં આવ્યું છે અથવા તો તેની સાથે શારીરિક અડપલા કરવામાં આવ્યા છે. ભારે રોષ સાથે પરિવારજનો અને સમાજના લોકો ન્યાયની માંગ સાથે દીકરીની અર્થી લઈને કાપોદ્રા પોલીસ સ્ટેશનને પહોંચી ગયા હતા. અહીં પોલીસે તટસ્થ તપાસની ખાતરી આપતા સમગ્ર મામલો થાળે પડ્યો હતો.



# મહુવાના વાંગર ગામમાં લગ્નપ્રસંગની કંકોત્રીમાં 'બટોગે તો કટોગે'નું સૂત્ર લખાવ્યું

(એ.આર.એલ),ભાવનગર,તા.૧૦

ભાવનગરના મહુવાના વાંગર ગામમાં લગ્નપ્રસંગની કંકોત્રી ચર્ચામાં આવી છે. કંકોત્રીમાં 'બટોગે તો કટોગે'નું સૂત્ર લખવામાં આવ્યુ છે. ભાજપના કાર્યકરે તેમના લગ્નપ્રસંગની કંકોત્રીમાં આ સૂત્ર લખ્યું છે. કંકોત્રીમાં મોદી અને યોગીના ફોટો પણ છપાવ્યા છે. જો કે હાલ મહારાષ્ટ્રની ચૂંટણીમાં 'બટોગે તો કટોગે' સૂત્ર વધારે ચર્ચામાં છે. મહુવા તાલુકાના વાંગર ગામમાં ભાજપના એક કાર્યકરના ઘરે આગામી તા.૨૩ ના લગ્નપ્રસંગની કંકોત્રી ચર્ચામાં આવી છે. કંકોત્રીમાં "બટોગે તો કટોગે" યુપીના મુખ્યમંત્રી દ્વારા કહેવાયેલું સૂત્ર લખાયું હતું. મહારાષ્ટ્રની ચૂંટણી માં બટોગે તો કટોગે હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. જો કે આ કંકોત્રીમાં સ્વચ્છતા અભિયાન અને સ્વદેશી અપનાવોની વાતો પણ લખવામાં આવી છે.

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ કેશોદમાં રેલવે અંડર બ્રીજની કામગીરીનું નિરીક્ષણ કર્યું

જૂનાગઢ તા.૧૦

ભારત સરકારના શ્રમ રોજગાર અને રમતગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાએ આજે જૂનાગઢના જિલ્લાની મુલાકાત દરમિયાન કેશોદ શહેરના ચાર ચોક ખાતે રેલવે અંડર બ્રીજના ચાલી રહેલ કામનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય મંત્રીએ ઝડપભેર રેલવે અંડર બ્રીજનું કામ પૂર્ણ કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે ખાસ રેલવેના અધિકારી સાથે ટેલીફોનિક વાતચીત કરી હતી. આ તકે ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, પ્રાંત અધિકારી કિસન ગરચર, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના અધિકારીઓ, સ્થાનિક પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# વર્ષ ૨૦૨૪-૨૫માં લગ્નના ૭૦ શુભ મુહૂર્ત : ડિસેમ્બર, ફેબ્રુઆરી અને મે મહિનામાં સૌથી વધુ મુહૂર્ત

અમદાવાદ,તા.૧૦

વિક્રમ સંવત ૨૦૮૧ના નવા વર્ષમાં દેવદિવાળી બાદ લગ્ન ગાળાનો પ્રારંભ થાય છે, ત્યારે વર્ષ ૨૦૨૪ના અંત અને ૨૦૨૫માં કુલ કેટલા લગ્નના મુહૂર્તો છે અને કઈ કઈ તારીખોમાં લગ્ન સંભવ છે. વિક્રમ સંવત ૨૦૮૧માં લગ્ન માટેના મુહૂર્તોનો પ્રારંભ થવાનો છે, ત્યારે લગ્ન ગાળાના મુહૂર્ત કયા છે તેને લઈને જ્યોતિષોનું કહેવું છે કે વિક્રમ સંવત ૨૦૮૧ માં ૧૨ નવેમ્બરના રોજ દેવદિવાળી બાદ લગ્ન ગાળો શરૂ થશે, અને જૂન ૨૦૨૫ સુધીના મુહૂર્તો મળી રહ્યા છે. વિક્રમ સવંત ૨૦૮૧ માં કુલ ૭૦ લગ્નના મુહૂર્ત છે. જેમાં સૌથી વધારે ડિસેમ્બર, ફેબ્રુઆરી અને મે મહિનામાં મુહૂર્ત છે. જ્યોતિષોના જણાવ્યા અનુસાર પહેલું મુહૂર્ત ૧૬ મી નવેમ્બરથી છે, જેથી લગ્નગાળાની સિઝનની શરૂઆત થશે. ત્યારબાદ નવેમ્બરમાં ૧૬ થી ૨૨ નવેમ્બર અને ૨૩ થી ૨૭ નવેમ્બર સુધીના મુહૂર્ત છે, તે પછી ડિસેમ્બર મહિનામાં તારીખ ૨ થી ૭ અને ૧૧ અને ૧૨ તારીખના મુહૂર્ત છે. જો કે ૧૫ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી સુધી કમુહૂર્તાઓનો પ્રારંભ થશે. જે ગાળામાં કોઈ લગ્ન મુહૂર્ત નથી. જ્યોતિષોએ જણાવ્યું હતું કે, ૧૪ જાન્યુઆરી બાદ ફરી લગ્ન ગાળાનો પ્રારંભ થશે. જેમાં જાન્યુઆરી માસમાં ૨૫, ૨૬ અને ૩૦ એમ ૩ દિવસના મુહૂર્ત છે, જ્યારે ફેબ્રુઆરી માસમાં સૌથી વધારે મુહૂર્ત છે.



# આ વર્ષે કચ્છનો રણોત્સવ વધુ રસપ્રદ બનશે

(એ.આર.એલ),ભુજ,તા.૧૦

આજે કચ્છને કોઈ ઓળખની જરૂર નથી. સમગ્ર વિશ્વમાં કચ્છ તેની કળાને લીધે જેટલું પ્રસિદ્ધ છે તેટલું જ પ્રસિદ્ધ તેની ભૌગોલિક પરિસ્થિતિને લીધે છે. કચ્છનું સફેદ રણ અત્યારે સૌનું હોટ ફેવરિટ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બની રહ્યું છે. વિશ્વભરના પ્રવાસીઓને આ રણોત્સવ આકર્ષી રહ્યો છે. ૨૦૦૬થી શરૂ થયેલો રણ ઉત્સવ કચ્છની ઓળખ બન્યો છે. રણોત્સવના કારણે કચ્છના પ્રવાસનને વેગ મળી રહ્યો છે. દરેક વર્ષે વિવિધ થીમ ઉપર રણ ઉત્સવ કે રણોત્સવ યોજાય છે. હજારોની સંખ્યામાં પ્રવાસીઓ ટેન્ટ સિટીમાં રાત્રિ રોકાણની વ્યવસ્થાનો લાભ પણ લઈ રહ્યા છે. ડિસેમ્બરની શરૂઆત સાથે જ રણ ઉત્સવ ધમધમી ઉઠે છે. રણ ઉત્સવની શરૂઆત થતાની સાથે જ ટેન્ટ સિટીનું બુકિંગ શરૂ થઈ જાય છે. આ ટેન્ટ સિટીમાં વિવિધ ગેમ્સનું આયોજન કરાયેલું છે, જેનો આનંદ ટેન્ટ બુકિંગ કરાવનાર પ્રવાસીઓ માણે છે. અન્ય પ્રવાસીઓ પણ એક્ટિવિટીનો લાભ લઈ શકે, તે હેતુથી એ માટે પણ વિવિધ ગેમ્સનું અને એક્ટિવિટીઝનું આયોજન કરવામાં આવ્યું છે.

અહીં ચાલતી એક્ટિવિટીનો મોટી સંખ્યામાં પ્રવાસીઓ લાભ લે છે અને પોતાના પ્રવાસને યાદગાર બનાવે છે. લોકોના પ્રવાસને વધુ યાદગાર બનાવવા હાલ ઈન્ડોર અને આઉટડોર ગેમ્સ શરૂ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪ - ૨૫માં રણ ઉત્સવ ૧૧ નવેમ્બરથી શરૂ થઈ ૧૫ માર્ચ સુધી ચાલશે. જેમાં આ વર્ષે એડવેન્ચર એક્ટિવિટીઝમાં ઘણી નવી એક્ટિવિટીનો ઉમેરો કરવામાં આવ્યો છે. જેમાં ઉંમર મુજબ અને અલગ અલગ એક્ટિવિટી મુજબ ભાવ રાખવામાં આવેલા છે. વિવિધ એક્ટિવિટીના ભાડાની વાત કરીએ, તો રેપ્લિંગ તથા રોક ક્લાઈમ્બિંગ કરવા માટે ૨૦૦ રૂપિયા રાખેલ છે. હાઈ રોપ ક્રોસિસ તથા ગ્લાઈન્ટ પેન્ડુલમનું ભાડું રૂપિયા ૪૦૦ છે. સ્કાય ઝીલાની બધી એક્ટિવિટીના ૧૫૦૦ રૂપિયા છે. આ વર્ષે રણ ઉત્સવમાં તમે ૫૦ રૂપિયાથી ૩૦૦૦ રૂપિયા સુધીના વિવિધ એડવેન્ચર્સને માણી શકશો.



સત્યમેવ જયતે ગુજરાત સરકાર | વિકસિત ભારત વિકસિત ગુજરાત





ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે

રાજ્ય સરકાર દ્વારા ખરીફ-૨૦૨૪ અંતર્ગત ખેડૂતો પાસેથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની લઘુત્તમ ટેકાના ભાવે સીધી ખરીદીનો શુભારંભ

કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત પ્રાઈઝ સપોર્ટ સ્કીમ અંતર્ગત ટેકાના ભાવે ખરીદી નિમિત્તે

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સમગ્ર રાજ્યમાં શરૂઆત થશે

ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી રાઘવજીભાઈ પટેલ
માન.મંત્રી કૃષિ, પશુપાલન ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ - ગુજરાત

વિશેષ ઉપસ્થિતિ
શ્રી બચુભાઈ ખાબડ
માન.(રા.ક.) મંત્રી પંચાયત, કૃષિ - ગુજરાત

**તારીખ:** ૧૧-૧૧-૨૦૨૪, સોમવાર, **સમય:** સવારે ૯-૩૦ વાગે
**કાર્યક્રમનું સ્થળ :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, કાંકણોલ, હિંમતનગર

ટેકાના ભાવ

**મગફળી** માટે ₹૧૩૫૬.૬૦ પ્રતિ મણ
**મગ** માટે ₹૧૭૩૬.૪૦ પ્રતિ મણ
**અડદ** માટે ₹૧૪૮૦ પ્રતિ મણ તથા **સોયાબીન** માટે ₹૯૭૮.૪૦ પ્રતિ મણ

લઘુત્તમ ટેકાના ભાવે ખરીદીનો સમયગાળો
તા.૧૧.૧૧.૨૦૨૪ થી તા.૦૮-૦૨-૨૦૨૫ સુધી (૯૦ દિવસ)

- રાજ્યમાં ૧૬૦ ખરીદ કેન્દ્રો ખાતેથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ખરીદી તા.૧૧.૧૧.૨૦૨૪ થી શરૂ
- રાજ્યમાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ₹૭૬૪૫ કરોડ મૂલ્યની કુલ ૧૧,૨૭,૦૦૦ મે.ટન મગફળીની ખરીદી કરાશે
- ₹૪૫૧ કરોડ મૂલ્યની ૯૨,૦૦૦ મે.ટન સોયાબીનની ખરીદી કરાશે
- ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીના નાણાં સમયસર મળશે
- ખેડૂતોએ SMS મળ્યેથી નિયત કરેલ ખરીદ કેન્દ્ર પર ફેર એવરેજ ક્વૉલિટી મુજબની ગુણવત્તાયુક્ત ઉત્પાદન સાથે ઉપસ્થિત થવાનું રહેશે
- ખેડૂતોને બજારમાં સસ્તાભાવે મગફળી વેચવાની ફરજ નહીં પડે
- છેલ્લા પાંચ વર્ષમાં અભૂતપૂર્વ ₹૧૬ હજાર કરોડથી વધુની ટેકાના ભાવે ખરીદી
- વચેટીયા દ્વારા થતાં શોષણમાંથી ખેડૂતોને મુક્તિ
- છેલ્લા પાંચ વર્ષમાં ૧૬ લાખ ખેડૂતો પાસેથી ૩૦ લાખ મે.ટનથી વધુ જથ્થાની ખેત પેદાશની ખરીદી
- ખેડૂતોના પરિશ્રમથી ઊભા થયેલ મહામૂલા પાકને મળ્યા પોષણક્ષમ ભાવ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત રાજ્ય